સુવિચાર

કયારેક શાંતિથી બેસવાનું પણ રાખો,
જિંદગી જીવવાની છે જીતવાની નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

નવયુગપરામાં ૮૬૪ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો P-4

Year-16, Issue-226 ■ DATE : 06-01-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

ગુજરાત હાઈકોર્ટ અને રાજકોટ સહિત પાંચ જિલ્લાની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઇલ મળતા ભારે ખળભળાટ

તસ્વીર : ગૌરવ લખકરી

મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાતમાં સરકારી સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. હવે ગુજરાત હાઈકોર્ટ સહિત સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો ઈ-મેઇલ મળતા ભારે ખળભળાટ મચી ગયો છે. એક અજાણ્યા શખ્સે સોમવારે મોડી રાત્રે સુરત અને અમદાવાદ સહિતની કોર્ટના ઓફિશિયલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને RDXથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. આ ધમકીને ગંભીરતાથી લઈને તમામ કોર્ટમાં ન્યાયિક કામગીરી અટકાવીને ડોગ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમની મદદથી ઝીણવટભરી તપાસ કરાઈ રહી છે.

આ ધમકીની ગંભીરતાને ધ્યાને રાખીને ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય તમામ જિલ્લાની કોર્ટમાં પ્રવેશબંધી કરી દેવાઈ છે. એટલું જ નહીં, આ સિવાય ન્યાયિક કામગીરી પણ તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ છે. વહીવટી તંત્રએ વકીલો, સ્ટાફ અને અસીલોને સલામત રીતે પરિસરની બહાર મોકલી દીધા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. હાલ બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્કવોડ દ્વારા પાર્કિંગ, કેન્ટીન અને કોર્ટ બિલ્ડિંગના દરેક માળ પર ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે. જો કે, પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચના DCP અજિત રાજિયનના જણાવ્યા મુજબ, ગઈકાલથી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. અત્યારે અમારી ટીમ આ અંગે તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં આ પ્રકારની ધમકીના ઈ-મેઇલ ભારત બહારથી કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારના મેઇલ કરીને પેનિક સર્જવાનો પ્રયાસ કરાતો હોવાનું લાગી રહ્યું છે. આ દિશામાં અમારી ટીમ દ્વારા તપાસ ચાલુ છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદ અને સુરતની કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર સોમવારે રાત્રે આશરે ૨ વાગ્યે અંગ્રેજીમાં એક ઈ-મેઈલ આવ્યો હતો. આ મેઈલમાં કોર્ટ બિલ્ડિંગને વિસ્ફોટકો દ્વારા ઉડાવી દેવાની ગંભીર ચેતવણી આપવામાં આવી હતી. આજે વહેલી સવારે જ્યારે કોર્ટના કર્મચારીઓએ ફરજ પર આવીને મેઈલ ચેક કર્યો, ત્યારે આ બાબત સામે આવી હતી.

આ મેઈલની ગંભીરતાને જોતા કર્મચારીઓએ તુરંત જ પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજને જાણ કરી હતી. જજ સાહેબે તાત્કાલિક અસરથી પોલીસ તંત્રને સતર્ક કરવા આદેશ આપ્યા હતા. જ્યાં સુધી પ્રિન્સિપલ જજ દ્વારા નવો આદેશ ન આપવામાં આવે ત્યાં સુધી કોર્ટનું તમામ કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

આ ધમકી મળતાની સાથે જ સુરત પોલીસની વિવિધ પાંખો હરકતમાં આવી ગઈ છે. સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને ફાસ્ટટ્રેક કોર્ટના સમગ્ર પરિસરને કોર્ડન કરી લેવામાં આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચ, SOG, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો તપાસમાં જોડાઈ છે. કોર્ટના ખૂણેખૂણા, ચેમ્બર્સ અને પાર્કિંગમાં તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી નથી.

વારંવાર ધમકી છતાં કોઈ પગલા નહીં

છેલ્લા ત્રણ માસમાં અગેકવાર ગુજરાત હાઇકોર્ટ સહિત રાજ્યની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી ચૂકી છે. ત્યારે કોર્ટ દ્વારા પાંચ જીલ્લાની કોર્ટને પણ ઉડાવી દેવાની ધમકી મળી હોવા છતાં સરકાર તેમજ પ્રસાશન આ બાબતે ગંભીર તેમજ કડક પગલા લઈ નથી રહ્યું. પ્રજામાં દહેશતનો માહોલ ઉભો કરનાર તત્વો વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા માગ ઉઠી છે. જો આમને આમ ચાલ્યું તો છાશવારે આવી ધમકી મળતી રહેશે.

Petrol & Diesel Rate

પેટ્રોલ	₹. ૯૪.૭૮/લીટર
ડીઝલ	₹. ૯૦.૪૭/લીટર
CNG	₹. ૭૭.૦૦/કિલો

ઈરાનમાં હિંસક દેખાવો બેકાબૂ: ૩૫ લોકોના મોત

મુખ્ય સમાચાર, તહેરાન

ઈરાનમાં છેલ્લા એકાદ સપ્તાહથી ચાલતા હિંસક દેખાવો વધુને વધુ વકરવા સાથે બેકાબૂ બનવા લાગ્યા હોય તેમ ૩૫ લોકોના મોત નિપજ્યા છે. સરકાર દ્વારા ૧૨૦૦ આંદોલનકારીઓની ધરપકડ કરાતા બળતામાં ઘી હોમાયું છે. અખાતી દેશમાં કાંઠે મોટું થવાના એંધાણ હોય તેમ ભારત સરકારે એડવાઈઝરી જારી કરીને ઈરાનની મુલાકાત ટાળવાની સલાહ આપવામાં આવી છે.

ઈરાનમાં મોંઘવારી અને નબળી અર્થવ્યવસ્થાના વિરોધમાં શરૂ થયેલું આંદોલન સરકારને ઉથલાવવાના આંદોલનમાં બદલાઈ ગયું છે. લોકો ઈરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લા અલી ખામેનેઈને હટાવવા રસ્તા પર ઉતરી આવી છે. ઈરાનના તેહરાન, ઈસ્ફહાન, મશહદ, શિરાજ અને કોમ સહિતના મુખ્ય શહેરોમાં મોટા પ્રમાણમાં દેખાવો થઈ રહ્યા છે.

જોકે ઈરાનની સરકારનું માનવું છે કે આ આંદોલન વિદેશી ષડયંત્ર છે. સરકાર આંદોલનને બળપૂર્વક કચડવા પ્રયાસ કરી રહી છે. આયાતોલ્લા અલી ખામેનેઈએ બે દિવસ પહેલા જ ચેતવણી આપી હતી કે હિંસક તત્વોને તેમની જગ્યા બતાવીશું.

ન્યૂઝ એજન્સી અનુસાર ઈરાનમાં સરકાર વિરોધી હિંસામાં અત્યાર સુધી ઓછામાં ઓછા ૩૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે આ દેખાવો હજુ શાંત થાય તેવા કોઈ સંકેત નથી.

રિપોર્ટમાં દાવો કરાયો છે કે, હિંસક આંદોલનોમાં ૨૫૦થી વધુ પોલીસ જવાનો અને ૪૫ જેટલા અર્ધલશ્કરી દળોના જવાનો ઘાયલ થયા છે. સત્તા વિરોધી દેખાવોમાં હિંસા વધતાં અમેરિકાના હસ્તક્ષેપની સંભાવના પણ વધી રહી છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાનને ચેતવણી આપી રહ્યા છે કે જો ઈરાનમાં આંદોલન કરી રહેલા લોકોની હત્યા થઈ અમેરિકા તેમની મદદ માટે આગળ આવશે. હાલમાં જ અમેરિકાએ વેનેઝુએલા પર પણ હુમલો કર્યો હતો. જે બાદથી ટ્રમ્પનો આત્મવિશ્વાસ વધી ગયો છે. વેનેઝુએલાના પ્રમુખ માદુરો ઈરાનના સમર્થક હતા.

ગુજરાતમાં ૧૫ જાન્યુ. સુધી કોલ્ડ વેવની આગાહી

મુખ્ય સમાચાર, અમદાવાદ

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નલિયા ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે. ત્યાર બાદ ડીસામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે વહેલી સવારે અને મોડીરાત્રે લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આગામી ૧૫ જાન્યુઆરી સુધી ગુજરાતમાં કોલ્ડ વેવની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ લઘુતમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ નહીં થાય. એ બાદ લઘુતમ તાપમાનમાં ધીમે ધીમે ૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો વધારો થશે. રાજ્યમાં આજથી મહત્તમ તાપમાન ૧થી ૨ વધઘટ રહેશે, જ્યારે લઘુતમ તાપમાન રાત્રે ૧થી ૨ ડિગ્રીનો સામાન્ય ફેરફાર રહેશે. ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાને લીધે ઠંડીનો ચમકારો રહેશે. રાત્રે પવનની ગતિમાં વધારો રહેતાં ઠંડીનો અહેસાસ થશે.

હવામાન વિભાગની આગામી ૭ દિવસની આગાહી મુજબ, આગામી એક દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. તાપમાનમાં વધારો થતાં ઠંડીનું પ્રમાણ થોડું ઘટશે અને લોકોને રાહત મળશે.

	સોનુ	ચાંદી
Today Rate	₹૧,૩૮,૨૮૦	₹૨,૪૮,૧૦૦
	+૧૦	+૧૦૦
	(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)

ડોલર	પાઉન્ડ
₹૯૦.૧૧	₹૧૨૨.૧૮

મોંઘવારીથી પિડાતી પ્રજાને રાહત મળવાની સંભાવનાઃ પેટ્રોલ-ડિઝલના ભાવ સસ્તા થશે!

મુખ્ય સમાચાર, મુંબઈ

ખાદ્યચીજોથી માંડીને વિવિધ ચીજોમાં મોંઘવારીથી પિડાતી પ્રજાને મોટી રાહત મળી શકે છે. ક્રૂડતેલનો વૈશ્વિક ભાવ ઘટીને ૫૦ ડોલર થવાની અને તેના આધારે ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટાડા સાથે મોંઘવારીમાં રાહત મળવાનું સ્ટેટ બેંકના રિસર્ચ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ૧.૦૧ ડોલર વધીને ૬૧.૭૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે. બીજી તરફ, WTI ક્રૂડ સામાન્ય ઘટાડા સાથે ૫૮.૨૯ ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે. જોકે, એસબીઆઈ રિસર્ચનો અહેવાલ સૂચવે છે કે આગામી સમયમાં આ કિંમતોમાં મોટો ઘટાડો આવશે.

SBI રિસર્ચ ટીમે તેમના અહેવાલમાં આર્થિક પાસાઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે, બ્રેન્ટ ક્રૂડ અને ઈન્ડિયન બાસ્કેટ વચ્ચે ૦.૯૮નો મજબૂત સંબંધ છે, જેનો અર્થ એ થાય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ ઘટતા જ ભારત માટે ક્રૂડ ઓઈલ સસ્તું થઈ જશે.

આ ઘટાડો માત્ર ઈંધણ પૂરતો સીમિત નહીં રહે, પરંતુ તેનના ભાવમાં રાહત મળવાથી એકંદર મોંઘવારીમાં પણ ઘટાડો થશે, જે આર્થિક વિકાસને નવી ગતિ આપશે. તેમજ ટેકનિકલ અને એનાલિસિસ પણ આ જ દિશામાં સંકેત આપે છે.

ભારતીય ક્રૂડ ઓઈલની વર્તમાન કિંમતો ૫૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે ચાલી રહી છે, જે સ્પષ્ટપણે સૂચવે છે કે ભવિષ્યમાં ઓઈલના ભાવમાં હજુ પણ મોટો ઘટાડો જોવા મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લે માર્ચ ૨૦૨૪માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધી કિંમતો સ્થિર છે. હાલમાં દિલ્હીમાં પેટ્રોલ ૩.૯૪.૭૭ અને ડીઝલ ૩.૯૩.૬૩ પ્રતિ લિટર મળી રહ્યું છે. તેમજ ગુજરાતમાં પેટ્રોલ ૩.૯૪.૬૩-૩.૯૫ પ્રતિ લિટર અને ડીઝલ ૩.૯૦.૩૦ - ૩.૯૦.૬૩ પ્રતિ લિટર મળી રહ્યું છે.

બિનખેતી પરવાનગી માટેની અરજીમાં કલેકટર કે અન્ય અધિકારી જમીનના ટાઈટલની તપાસ ન કરી શકે

ગુજરાત હાઈકોર્ટે આપ્યો મહત્વનો ચુકાદો

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે જમીન મહેસૂલ સંહિતાની કલમ ૬૫ હેઠળ બિનખેતી પરવાનગી આપવાની સત્તા અંગે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જ્યારે કોઈ વ્યક્તિ બિનખેતી પરવાનગી માટે અરજી કરે છે, ત્યારે સક્ષમ સત્તાધિકારી અથવા કલેક્ટરે માત્ર એટલું જ જોવાનું હોય છે કે અરજદાર જમીનનો 'કબજેદાર' છે કે નહીં. આ પ્રક્રિયા દરમિયાન સત્તાધિકારી જમીનના માલિકી હક અથવા ટાઈટલ અંગે કોઈ પણ પ્રકારની તપાસ કરી શકે નહીં.

જસ્ટિસ અનિદ્ધ પી. માયીની અદાલતે નીતિનભાઈ માવજીભાઈ સિનોજીયા અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન પર સુનાવણી કરતા આ અવલોકનો કર્યા હતા. આ કેસમાં અરજદારોએ ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર અને મહેસૂલ વિભાગના સ્પેશિયલ સેક્રેટરી (અપીલ) ના આદેશોને પડકાર્યા હતા, જેમણે જમીનના ટાઈટલ અંગેના વિવાદને આધારે બિનખેતી પરવાનગીની અરજી રદ કરી હતી.

અદાલતે તેના ચુકાદામાં નોંધ્યું હતું કે જમીન મહેસૂલ સંહિતાની કલમ ૬૫ હેઠળ કલેક્ટર પાસે ટાઈટલ નક્કી કરવાની કોઈ કાયદેસરની સત્તા નથી. જો મહેસૂલ રેકોર્ડમાં અરજદારનું નામ કબજેદાર તરીકે નોંધાયેલું હોય, તો તે બિનખેતી પરવાનગી મેળવવા માટે પૂરતું છે. જો ટાઈટલ અંગે કોઈ વિવાદ હોય, તો તે સિવિલ કોર્ટનો વિષય છે અને મહેસૂલ અધિકારીઓ તે વિવાદના આધારે પરવાનગી રોકી શકે નહીં.

વધુમાં, હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે બિનખેતી પરવાનગી એ માત્ર જમીનના ઉપયોગમાં ફેરફાર કરવાની પ્રક્રિયા છે અને તે કોઈના માલિકી હકને સ્થાપિત કે નાબૂદ કરતી નથી.

આ ચુકાદા સાથે અદાલતે ડેપ્યુટી કલેક્ટર અને સ્પેશિયલ સેક્રેટરીના અગાઉના આદેશોને રદબાતલ ઠેરવ્યા છે અને સત્તાધિકારીને ફ અઠવાડિયામાં કાયદા મુજબ નવેસરથી નિર્ણય લેવાનો આદેશ આપ્યો છે. આ ચુકાદાથી રાજ્યમાં બિનખેતી પરવાનગી મેળવવાની પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ અને વહીવટી વિલંબમાં ઘટાડો થવાની આશા છે.

ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સીમા પર હાઈ એલર્ટ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

પડોશી દેશ બાંગ્લાદેશમાં અશાંતિ વચ્ચે ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સીમા પર હાઈ એલર્ટ છે. આ કડીમાં સીમા સુરક્ષા દળે રણનીતિક રૂપે અત્યંત મહત્વપૂર્ણ ચિકન નેક (સિલી ગુડી કોરિડોર) ક્ષેત્રમાં સીમા સુરક્ષાને મજબૂત કરતા લગભગ ૭૫ ટકા વિસ્તારમાં નવી ડિઝાઈનની સીમા વાડ (એનડીએફ) સ્થાપિત કરી દીધી છે. ૧૨ ફૂટ ઉંચી નવી ડિઝાઇન ફેન્સીંગને ખાસ સંવેદનશીલ વિસ્તારોમાં લગાવવામાં આવી છે. આ પ્રયાસથી ઘુસણખોરીની કોશિષ અને પશુઓની તસ્કરી જેવી ઘટનાઓ પર અસરકારક નિયંત્રણ આવશે. નવી ફેન્સીંગની સાથે સાથે સીમા પર એન ટિલ્ટ ઝુમ (પીટીઝેડ) કેમેરા લગાવવામાં આવ્યા છે, જે રિયલ ટાઇમ લાઇવ ફીડ આપે છે અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ પર ત્વરિત પ્રતિક્રિયા આપે છે. બીએસએફ આને 'સ્માર્ટ બોર્ડર'ની દિશામાં મોટું પગલું માને છે. આંકડા અનુસાર જાન્યુઆરી-૨૦૨૫થી અત્યાર સુધી બીએસએફે લગભગ ૮.૫ કરોડ રૂપિયાના પશુ, સોના-ચાંદી, વન્યજીવ ઉત્પાદન, હથિયાર, દારૂગોળા અને અન્ય તસ્કરીના સામાન જપ્ત કર્યા છે. આ સમયગાળામાં ૪૪૦ બાંગ્લાદેશી (જેમાં તસ્કર અને ટાઉટ્સ સામેલ છે), ૧૫૨ ભારતીય અને ૧૧ અન્ય વ્યક્તિઓને પકડ્યા છે.

દેશના ૪૮ રેલ્વે સ્ટેશનોની કેપીસીટી બમણી કરાશેઃ સૌરાષ્ટ્રને બાકાત રખાયું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દેશમાં રેલ મુસાફરીની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલ્વેએ એક મોટી યોજના વિકસાવી છે. રેલ્વે મંત્રાલય જણાવે છે કે આગામી વર્ષોમાં મુસાફરોનો ટ્રાફિક ઝડપથી વધશે, જેના કારણે આને પહોંચી વળવા માટે મોટા શહેરોમાંથી ઉપડતી ટ્રેનોની ક્ષમતા વધારવી જરૂરી બનશે.રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે ૨૦૩૦ સુધીમાં, ૪૮ મુખ્ય શહેરોમાં ટ્રેનોની ઉત્પત્તિ ક્ષમતા બમણી કરવાનો ધ્યેય છે. આ હાંસલ કરવા માટે, હાલના રેલ્વે માળખાને મજબૂત બનાવવામાં આવશે અને ભવિષ્યની જરૂરિયાતોને સમયસર પૂરી કરવા માટે નવા ટર્મિનલ અને સુવિધાઓ વિકસાવવામાં આવશે.

રેલવેના મેગા માસ્ટર પ્લાન હેઠળ, જયપુર, ઇન્દોર, ભોપાલ અને રાયપુર સહિત દેશભરના ૪૮ મુખ્ય શહેરોને રેલ શહેરો તરીકે વિકસાવવામાં આવશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના નેતૃત્વ હેઠળની આ યોજના સ્ટેશનની ક્ષમતા બમણી કરશે, નવી ટ્રેનો શરૂ કરશે અને મુસાફરોને વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડશે. શહેરમાં શું બદલાવ આવશે અને આ યાદીમાં કયા ૪૮ શહેરોનો સમાવેશ થાય છે તે જાણો.

જો જયપુર, જોધપુર, ભોપાલ, ઇન્દોર, રાયપુર અને ઉજ્જૈન આગામી પાંચ વર્ષમાં રેલ શહેરો બની જાય તો આર્થ પામશો નહીં. રેલ શહેરો, એ અર્થમાં કે આ સ્ટેશનો મુસાફરોની સુવિધાઓ, કનેક્ટિવિટી, ટ્રેનો અને મુસાફરોના ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો અનુભવશે. આ સ્ટેશનો પર રેલ સેવા દેશના કોઈપણ મોટા શહેર માટે સુલભ હશે. હકીકતમાં, રેલ્વેએ તેના નેટવર્કને આધુનિક બનાવવા અને વધારવા તરફ એક મોટું પગલું ભર્યું છે અને જયપુર, જોધપુર, ભોપાલ, ઇન્દોર, રાયપુર અને ઉજ્જૈન સહિત ૪૮ મુખ્ય શહેરોને રેલ્વે હબ તરીકે વિકસાવવાની યોજના વિકસાવી છે. અમલીકરણ પછી, આ શહેરોમાં તમામ રેલ્વે સ્ટેશનની ક્ષમતા અને સુવિધાઓ બમણી કરવામાં આવશે.

દેશમાં રેલ મુસાફરીની માંગમાં ઝડપી વધારાને કારણે નવી ટ્રેનો ચલાવવાની ક્ષમતા વર્તમાન સ્તરથી બમણી કરવાની જરૂર પડી છે. પરિણામે, રેલ્વે હાલના સ્ટેશન માળખાને મજબૂત બનાવવા માટે તેના માસ્ટર પ્લાન હેઠળ કામ કરી રહી છે. આ યોજનામાં ટર્મિનલ ક્ષમતાનો વિસ્તાર કરતી વખતે સંબંધિત શહેરોમાં આસપાસના સ્ટેશનોનો પણ વિચાર કરવામાં આવશે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આ યોજનાનું સીધી દેખરેખ રાખી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે રાજકોટમાં: શનિવારે સોમનાથ દાદાને શીર ઝુકાવશે

મુખ્ય સમાચાર, અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી શનિવાર તા.૧૦ ના રોજ સોમનાથ મંદિરના કાર્યક્રમમાં હાજરી આપી રાત્રી રોકાણ કરશે અને અને તા.૧૧ ને રવિવારે રાજકોટ ના અતિથિ બની રહ્યા છે. રાજકોટ ખાતે મારવાડી યુનિવર્સિટી માં ર્જિજનલ વાયબ્રન્ટ સમિટનુ ઉદ્ઘાટન કરશે.

નરેન્દ્રભાઈ ભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા કે અત્યારે દેશના વડાપ્રધાન છે પરંતુ રાજકોટ માટેની તેમની લાગણી અપાર છે. એમ પણ કહી શકાય કે રાજકોટ સાથે નરેન્દ્રભાઈ નો આત્મીયતાનો નાતો બંધાયો છે, નરેન્દ્રભાઈની સત્તાની કારકિર્દી શરૂઆત તો રાજકોટ થી જ

થઈ ગણાય, અને કદાચ એટલે જ આજે પણ તેવો એ જીતને રાજકોટની પ્રજાનું ઋણ માને છે.

જામનગરમાં એકના ડબલની સ્કીમની લાલચ દઈ ૨૩.૯૮ લાખની ઠગાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં એકના ડબલની સ્કીમમાં અમદાવાદની એક મહિલા સહીતના ચાર શખ્સોની ચુંગાલમાં ફસાયેલા એક યુવાન ૨૩.૯૮ લાખ જેવી માતબર રકમ ગુમાવી હોવાનું બહાર આવ્યુ છે, દરમ્યાન ચીટર ટોળકી સામે છેતરપીંડી કર્યાની ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

રૂપિયા કમાવવાની લાયમાં શોર્ટકટ કરનારા માટે લાલબતી રૂપ કિસ્સો સામે આવ્યો છે. એકના ડબલની લાલચમાં સ્કીમ હેઠળ રોકાણ કરવાથી બે ગણુ રીટર્ન મળશે તેમ કહીને ચુનો ચોપડનારાના કિસ્સા દિન પ્રતિદિન બહાર આવી રહયા છે ત્યારે આવો જ એક કિસ્સો જામનગરમાંથી સામે આવ્યો છે. જેમાં એક કોન્ટ્રાકટર એકના અનેક કરવાની લાલચમાં આવી ગયા અને ઠગબાજોની સ્કીમનો ભોગ બની જતા લાખો રૂપિયા ગુમાવી દીધા છે. અમદાવાદના ચાર શખ્સોએ આ આસામીને મોટા વળતરની લાલચ આપી ૨૩.૯૮ લાખની રકમ ખંખેરી લીધી હોવાનું જાહેર થયું છે. પોલીસે અમદાવાદના ૪ શખ્સો સામે છેતરપીંડી સબબ ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે.ટૂંકા ગાળામાં પૈસાદાર કે પૈસા કમાવવા માટે અમુક સાતીર સખ્સો અનેક લોકોને છેતરવા બજારમાં નીકળી પડે છે, એવા જ અમદાવાદ રહેતા મનોજ પટેલ રહે.અમદાવાદ મો.નં.૯૨૧૬૪ ૫૬૬૦૪, ૯૦૬૭૨ ૪૪૧૭૨, હરીશ બારૈયા રહે.અમદાવાદ મો.નં.૯૯૯૮૫ ૬૨૦૮૮, પુજા રાવત રહે.અમદાવાદ મો.નં.૬૩૭૬૧ ૪૭૮૮૪, ૬૩૫૯૧ ૧૧૫૭૧ અને ભવ્ય પટેલ રહે.અમદાવાદ મો.નં.૮૭૮૦૭ ૩૪૨૪૩, ૯૪૨૬૦૨૬૧૮૧ વાળા શખ્સોએ પૈસા કમાવવા સુયોજિત પ્લાન રચ્યો હતો.જે મુજબ રાજ્યભરમાં પોતાના પરિચિતોને જાણ કરી એકના અનેક રૂપિયા કરી આપવા માટે રોકાણની સ્કીમ લોન્ચ કરી, બે ગણું રીટર્ન આપવાની સ્કીમ તૈયારી કરી આ શખ્સોએ એક્સીસવર્ડ કંપનીમાં રોકાણના નામે જાળ બિછાવી હતી.

અમદાવાદના મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત અને ભવ્ય પટેલ નામના શખ્સોએ એકના ડબલ આપવાની સ્કીમ લોન્ચ કરી જાળ બિછાવી હતી. જામનગર ખાતે તા.૧૫/૯/૨૦૨૪ના રોજ હોટેલ વિવિધ ખાતે એક સેમીનારનું આયોજન કર્યુ હતું. જેમાં અમદાવાદની ટોળકીએ એક્સીસ વર્લ્ડ કંપનીમાં રોકાણ કરવાથી બે ગણુ રીટર્ન મળશે અને આવી વાતો કરી ફરીયાદી સહિતનાઓને વિશ્વાસમાં લીધા હતા.હોટેલમાં યોજેલ સેમીનારમાં આરોપીઓએ જે તે રોકાણકાર કંપનીમાં રોકાણ કરવા ઈચ્છે તો તેઓએ પોતાના નાણા આંગડીયા મારફત મોકલવાના રહેશે, એવો નિયમ બનાવાયો, જે નાણા ચારેય શખ્સોને મળે છે તે નાણાને તેઓ ડોલરમાં કંવર્ટ કરી એટલે કે ડોલરની ખરીદી કરશે એમ કહેવાયું હતું. જો કે રોકાણ માટે એક માત્ર આંગડીયા નહિ પરંતુ બેંક કે રોકડ રૂપે પણ નાણા સ્વીકારવામાં આવશે એમ તેઓએ જણાવ્યું હતું.

એક ખાનગી કંપનીમાં પેટા કોન્ટ્રાકટર તરીકે કાર્યરત એવા મયુર કાન્તીભાઈ ગોહેલએ જામનગર ખાતે તા. ૧૫/૯/૨૦૨૪ના રોજ યોજેલ સેમીનારમાં ભાગ લીધો હતો. જે સ્કીમ સારી લાગતા તેઓએ અલગ અલગ સમયે આંગડીયા તથા બેન્ક મારફતે કુલ રૂ. ૨૩.૯૮.૭૦૦ મોકલીને રોકાણ કર્યુ હતું. જો કે લાંબો સમય થઇ જતા જેનુ કોઇ રીટર્ન નહીં આપી આરોપીઓએ વિશ્વાસઘાત કર્યાનું સામે આવ્યુ હતું.દરમ્યાનમાં સમર્પણ સર્કલ અપુર્વા એપાર્ટમેન્ટ ખાતે રહેતા મયુરભાઈ ગોહેલે સીટી સી ડીવીજન પોલીસમાં અરજી કરી પોતાની ફરિયાદ આપી હતી.પોલીસે અમદાવાદના મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત, ભવ્ય પટેલ આ ચારેય શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૩૧૬(૨),૫૪ મુજબ ફરિયાદ નોંધી છે જેની તપાસ પીએસઆઇ ચાવડા ચલાવી રહયા છે દરમ્યાન એવી પણ વિગત જાણવા મળી છે કે અન્ય લોકો પણ ચીટર ટોળકીનો શિકાર બન્યા છે આથી આ દીશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી છે.ઓનલાઈન નફો બતાવે ખાતામાં વિથ ડ્રો ન થઇ શકે.મયુરભાઈએ આશરે ૨૪ લાખનું રોકાણ કર્યા બાદ કંપનીના સોફ્ટવેરમાં તેની એન્ટ્રીઓ પણ બતાવતી હતી, અને આ રોકાણ બાદ મળેલ નફો પણ થતો હતો. તગડા રોકાણ બાદ મયુરભાઈએ જોઈતી રકમ વિડ્રો કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ જે તે એકાઉન્ટમાથી બેંક ખાતામાં ટ્રાન્સફર થતી ન હતી. જેથી તેઓએ કંપનીના ઠગબાજોનો સંપર્ક કર્યો હતો પરંતુ ઠગબાજો યેનકેન ઉતર આપી દેતા હતા. અને એ પછી ફોન બંધ કરી દેવાયા હતા.

ઉના સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડનું સન્માન કરાયું

ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને મુસ્લિમ સમાજ દ્વારા લેખિત રજૂઆત કરાઈ

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ - અબ્દુલ પઠાણ

વિકાસકામોની અભૂતપૂર્વ કામગીરી અને ઉના શહેરના નગરજનોને આવનાર ૧૦૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાને લઈ પાયાની સુવિધાઓની ભેટ આપનાર દુરંદેશી દ્રષ્ટી ધરાવતા ધારાસભ્યધરાવતા ધારાસભ્ય કે. સી. રાઠોડ ને આજે સમસ્ત મુસ્લિમ સમાજ સન્માનિત કરીને શહેરના વોર્ડ નંબર-૨વિસ્તારમાં રહેતા નગરજનોની સુવિધા અર્થે જુદા જુદા વિકાસ કામો માટે રજુઆત કરી હતી. જેમાં કોર્ટ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ગટર તથા પાણીની પાઈપલાઈન તેમજ મછુન્દ્રી નદીમાં કોઝવે બનાવવા બાબતે રજૂઆત કરી હતી. જેના પ્રતિસાદ રૂપે ધારાસભ્ય એ આ કામો મંજૂર કરાવી અને શરૂ કરાવવા માટેની ખાત્રી આપેલ હતી. ઉના શહેરના કોર્ટ વિસ્તારમાં આવેલ મેમજમાત હોલમાં મુસ્લિમ સમાજના આગેવાનોની વિશાળ હાજરીમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ ઈકબાલભાઈ ભીસ્તી, તમામ જમાતના પ્રમુખઓ, નગરસેવકો સર્વે દાદાબાપુ શેખ, હસનૈનબાપુ, ઈલ્યાસભાઈ વોરા, અબ્બાસભાઈ સુમરાણી, રિયાઝભાઈ કાસમાણી, સમીરભાઈ ભીસ્તી, મહેબુબભાઈ કચરા, સાજીદભાઈ મીડીયા, ફકીર સમાજના પ્રમુખ સલીમભાઈ, મેમન જમાતના પ્રમુખ રફિકભાઈ, તાઈ જમાતના પ્રમુખ મહેબુબભાઈ, ખાટકી સમાજના પ્રમુખ સબીરભાઈ, હજામ જમાતના પ્રમુખ મહેબુબભાઈ, કુરેશી જમાતના પ્રમુખ યુસુફભાઈ, કસ્બાતી જમાતના પ્રમુખશ્રી ફારુકભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટી બેઠકમાં ૧૫૫.૩૭ કરોડના વિકાસ કામો મંજૂર

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કુલ ૧૫૫.૩૭ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે. મંજૂર કરાયેલા મુખ્ય પ્રોજેક્ટ્સમાં ખંભાળિયા બાયપાસ જંક્શન નાઘેડી બાયપાસ પર ફ્લાયઓવર બ્રિજ બનાવવા માટે ૧૩૭.૭૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઢીચડામાં સર્વે નંબર ૪૮ની જગ્યામાં મોટા અને નાના પ્રાણીઓ માટે બે એનિમલ ક્રિમેટોરિયમ શબદાહગૃહ.ના સપ્લાય, ટેસ્ટિંગ અને કમિશનિંગ માટે ૬૨૨.૪૨ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.શહેરી માળખાકીય સુવિધાઓના વિકાસ માટે પણ નોંધપાત્ર ભંડોળ ફાળવવામાં આવ્યું છે. જેમાં સ્વામિનારાયણ નગરથી ગાંધીનગર ડીપી રોડ અને સીસી રોડ માટે ૨૪૧.૨૭ લાખ રૂપિયા, વોર્ડ નંબર ૯માં સીસી રોડ માટે ૫૭.૫૮ લાખ રૂપિયા, અને વોર્ડ નંબર ૫માં સીસી રોડ તથા પેવર બ્લોક માટે ૨૫૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. ભૂગર્ભ ગટરના મજબૂતીકરણ માટે ૨૨ લાખ અને ૧૩.૯૦ લાખ રૂપિયા, તેમજ વોર્ડ નંબર ૧ થી ૫માં ભૂગર્ભ ગટર નેટવર્કિંગ માટે ૨૯ લાખ રૂપિયા અને વોર્ડ નંબર ૯ થી ૧૨ માટે ૧૨.૫૦ લાખ રૂપિયા મંજૂર કરાયા છે.

અન્ય મંજૂર થયેલા કાર્યોમાં ટીપી સ્કીમ નંબર ૩એફપી નંબર ૮૪/૮૭/૮૮ ખાતે નવી કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે ૧૭૮.૬ લાખ રૂપિયા, મહાપ્રભુજી બેઠક વિસ્તારમાં હોટ વોટર ટેન્ક બનાવવા માટે ૫૬.૪૦ લાખ રૂપિયા, અને લેપટોપ, પ્રિન્ટર, યુપીએસની ખરીદી માટે ૧૩૧.૯૭ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. ટીપી સ્કીમ બનાવવા અને સર્વે કરવા માટે ૭૦ લાખ રૂપિયા, લાઈટ શાખાની મેઈન્ટેનન્સ કામગીરી માટે ૧૦ લાખ રૂપિયા, વોર્ડ ૪માં પેવર બ્લોક માટે ૧૦.૧૭ લાખ રૂપિયા, રોડ પેઈન્ટિંગ, ફર્નિચર, ક્રોસિંગ અને આઈલેન્ડ ડેવલપ કરવા માટે ૧૨૩.૯૦ લાખ રૂપિયા, સમર્પણ રોડથી બેડી રોડ જંકશન માટે મેટલિંગના ૬૩.૭૭ લાખ રૂપિયા, વોર્ડ નંબર ૭માં સિવિક સેન્ટર માટે ૫૯.૫૧ લાખ રૂપિયા અને સ્વચ્છતા સર્વેક્ષણ માટે પ્રચાર-પ્રસારના ૮.૪૫ લાખ રૂપિયા પણ મંજૂર કરવામાં આવ્યા છે.આ બેઠકના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં મેયર વિનોદ ખીમસુર્યા, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી એન્જિનિયર ભાવેશ જાની, આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણવા અને જીજ્ઞેશ નિર્મળ ઉપસ્થિત રહ્યા હતા

ધોરાજી ખાતે 'બીજા મેમન સમુહ શાદી' નું આયોજન

સંકલન સમિતિના અફરોઝભાઈ લકડકુટાએ ધોરાજીના આ સમુહ શાદી મોડલને ભારતભરના મેમન સમાજમાં અપનાવવા કરેલી હાકલ

મુખ્ય સમાચાર, ઉપલેટા
અહેવાલ - કૌશલ સોલંકી

ધોરાજી ના શાહજી હોલ ખાતે બીજા મેમન સમૂહ શાદી મા ધોરાજી ની સામાજીક સંસ્થા ઓ એમ.એમ.સ્કુલ, તેલી હોસ્પિટલ, નંદકુવરબા ઝનાના હોસ્પિટલ તેમજ યતીમખાના ટ્રસ્ટ ના ચેરમેન જનાબ તુફેલભાઇ હાજી ઇકબાલ શેઠ નુરાની ની ખાસ હાજરી માં શાનદાર આયોજન યોજવામાં આવેલ હતું.

ઉપરોકત સમૂહ શાદી માં સંકલન સમિતિ ના હાજી અફરોઝ લકડકુટા એ જણાવ્યું હતું કે મેમન સમાજ માં શાદી (નિકાહ) ને લગતા કુરિવાજો નાબુદ થાય, અને આમ ઈન્શાન સરળ, સાદાઇ અને સન્માન થી જોડાઇ તે હેતુ અને સૂત્ર ને લક્ષ મા રાખી આજે બીજો સમૂહ શાદી યોજેલ છે, તેમજ અતિશય મોંઘવારી ના આ યુગ માં ખાસ કરીને દિકરી ના મા-બાપ ની એક શાદી ના ખર્ચ માં કમ્મર તૂટી જાય છે.માટે સમાજ ને અપીલ કરતા જણાવ્યું હતું કે આગામી મે-જુન મા યોજાનારા ત્રીજા સમૂહ શાદી માં વધુ ને વધુ લોકો જોડાઇ અને શાદી ની રશ્મ ને આસાન બનાવીએ, અને કુરિવાજો અને ખોટા ખર્ચા ઓ થી સમાજ ને બચાવીએ.શ્રી લકડકુટા એ વધું મા જણાવ્યું હતું કે ધોરાજી ના આ સમૂહ-લગ્ન નો મોડેલ પુરા દેશ નો મેમન-સમાજ અપનાવે અને ધોરાજી શહેર આ સારા કામ માં સમગ્ર મેમન સમાજ ને દિશા આપે અને નિમિત બને તેવી આશા વ્યકત કરી હતી.

ઉપરોકત સમૂહ લગ્ન મા મૌલાના ઉવેશ યાર અલ્વી સાહેબે નિકાહ પઢાવેલ હતા, અને મદરસા એ મિસ્કિનીયાહ ના ઈન્ચાર્જ પિન્સિપાલ નવાઝ મૌલાના સાહેબ, મુફ્તી મૌલાના મુનવ્વર રઝા સાહેબ, શકીલ મૌલાના સાહેબ,ઈકબાલ બાપુ કાદરી તેમજ ધોરાજી ની ત્રણેય મેમન જમાત ના આગેવાનો, મુસ્લિમ સમાજ ના આગેવાનો હાજર રહયા હતા.

સંકલન સમિતિ ના અમીનસર ગોડીલ,અફરોઝ ભાઇ લકડકુટા, ઈમ્તિયાઝભાઈ પોઠીયાવાલા, બાશીતભાઈ પાનવાલા,આસીફબાપુ કાદરી, યાસીનભાઈ નુરાની એ પ્રોગ્રામ ની સફળતા માટે ભારે જેહમત સાથે ચાર ચાંદ લગાવ્યા હતા, અને સહયોગ બદલ પત્રકાર મિત્રો નો તેમજ સમૂહ લગ્ન મા સહયોગ આપનાર તમામ નો ખુબ આભાર માનેલ હતા. ઉપરોકત પોગ્રામ માં આવકાર પર્વચન પોઠીયાવાલા મેમન જમાત ના પ્રમુખ ઈમ્તિયાઝભાઈ પોઠીયાવાલા અને સમગ્ર પોગ્રામ નું સફળ સંચાલન અફરોઝભાઈ લકડકુટા કરેલ હતા.

જામનગરના મોમાઈનગરમાં પાણીની પાઈપલાઈનના કામમાં ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસે આવેદનપત્ર આપ્યું

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના મોમાઈનગરમાં પાણીની પાઈપલાઈનના કામમાં ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયું છે, અને કડક પગલાં નહિં લેવાય તો આંદોલનની ચિમકી અપાઈ છે.જામનગરના વોર્ડ નંબર બે ના મોમાઈનગર મેઈન રોડ પર નાખેલી પાણીની પાઈપલાઈનમાં થયેલા ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસ દ્વારા નાયબ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.શહેરના વોર્ડ નંબર બે મા આવેલા મોમાઈનગર મેઈન રોડપર હાલ સી.સી. રોડનું કામ ચાલુ છે. એ રોડના ખોદાણ કામ વખતે રોડની વચ્ચે પાણીની ડીઆઈ લાઈન નાખવામાં આવી છે.

આ લાઈન આશરે ૬ થી ૮ મહિના પહેલા નાખેલી છે તેમ જાણવા મળેલ છે.આ લાઈન નાખવાના નિયમ અનુસાર આ પાણીની લાઈન જમીનથી આશરે ત્રણ ફૂટ નીચે હોવી જોઈએ, પરંતુ આ પાઈપલાઈન જમીનથી માત્ર એક ફૂટી ઊંચી રાખી છે. હાલ સીસી રોડનું કામ ચાલુ હોય, આ લાઈન માત્ર એક ફૂટ ઊંડી નાખેલી છે, જે સ્પષ્ટ જોવા મળે છે.આ પાણીની લાઈનના કોન્ટ્રાક્ટમાં ભ્રષ્ટાચાર થયેલ છે. આથી તાત્કાલિક ધોરણે આ પાણીની લાઈનનું સર્વે કરી નિયમ અનુસાર કામ કરાવવામાં આવે તથા જે કોન્ટ્રાક્ટરએ આ કામગીરીમાં ભ્રષ્ટાચાર કરેલ છે તે કોન્ટ્રાક્ટર પર કાયદેસરની કાર્યવાહી કરી તેમની સાથે જોડાયેલા જે તે અધિકારીઓ સામે પણ કડક પગલાં લેવામાં વે.જો આ કોન્ટ્રાક્ટર અને તેમાં સંડોવાયેલા અધિકારીઓને છાવરવામાં આવશે તો ના છૂટકે કમિશનર કચેરી સામે આંદોલન કરવામાં આવશે, તેવી યુવક કોંગ્રેસ જામનગર શહેરના પ્રમુખ મહિપાલસિંહ જાડેજાએ ચિમકી પણ આપી છે.

મહેન્દ્રનગર ચાર રસ્તા નજીક રીક્ષામાંથી વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે ચાલકની અટકાયત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે મહેન્દ્રનગર ચાર રસ્તા નજીકથી સીએનજી રીક્ષામાંથી વિદેશી દારૂની ૩૫ બોટલ તથા બિયરના ૧૫ ટીન સહિતના મુદ્દામાલ સાથે આરોપી રીક્ષા ચાલકની અટકાયત કરી હતી. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, ઘુંટુ ગામથી મોરબી તરફ આવતી એક સીએનજી રીક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી થવાની છે, જે બાતમીને આધારે પોલીસે મહેન્દ્રનગર ચાર રસ્તા નજીક વોચ ગોઠવી હોય તે દરમિયાન ઉપરોક્ત બાતમી મુજબની રીક્ષા ત્યાંથી પસાર થતા તેને રોકી, રિક્ષાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૩૫ બોટલ કિ.રૂ.૩,૨૫૫/- તથા કિંગફિશર બિયરના ૧૫ ટીન કિ.રૂ.૩,૩૦૦/- મળી આવ્યો હતો. આ સાથે પોલીસે રીક્ષા ચાલક આરોપી વિષ્ણુભાઈ પેલાદભાઈ પાટડીયા ઉવ ૨૮ રહે. હાલ શોભેશ્વર રોડ મફતીયાપરા મૂળ રહે.નરાડી ગામ જી.સુરેન્દ્રનગર વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૦૧-ટીબી-૪૩૮૭ સહિત કુલ રૂ.૫૬,૫૫૫/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર મનપા ટીમના વિજય માટે પૂજન વિધિ કરાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર મહાનગરપાલિકાની મેયર ઈલેવન અને કમિશ્નર ઈલેવન ટીમો ભાવનગર ખાતે યોજાનારી ઈન્ટર કોર્પોરેશન ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે. આ ટીમોના વિજય માટે આજે, ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ચેરમેનની કચેરીમાં પૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પૂજન વિધિમાં મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શહેર ભાજપ પ્રમુખ બિનાબેન કોઠારી, દંડક કેતનભાઈ નાખવા ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત, કમિશ્નર ડી.એન. મોદી, ડેપ્યુટી કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશ્નર મુકેશભાઈ વરણવા અને સિટી એન્જિનિયર ભાવેશ જાની પણ હાજર રહ્યા હતા. મેયર ઈલેવન અને કમિશ્નર ઈલેવન ટીમના ખેલાડીઓ તેમજ અન્ય કોર્પોરેટરોએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિજય માટે પ્રાર્થના કરી હતી.

મોરબી સબજેલના બંદીવાનોંને "લાલો- કૃષ્ણ સદા સહાયતે " ફિલ્મ બતાવવામાં આવી

જેલના બંદીવાનોંને માનસિક તણાવથી મુક્ત કરી જીવનનો સાચો રાહ બતાવવા યંગ ઈન્ડિયા ગ્રુપના સહયોગથી જેલ તંત્રનું પ્રેરણાદાયી કાર્ય

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી પોલીસ મહાનિદેશક ડૉ. કે.એલ.એન.રાવ તથા પોલીસ મહાનિરિક્ષક (જેલ) અશ્વિન ચૌહાણના માર્ગદર્શન હેઠળ વિવિધ સામાજિક અને સેવાકીય તેમજ પ્રેરણાદાયી કાર્યથી સમાજમાં વૈચારિક ક્રાંતિ કરવામાં હર હમેશ સક્રિય રહેતા યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા મોરબી સબજેલના બંદીવાનોંને ''લાલો- કૃષ્ણ સદા સહાયતે '' ફિલ્મ બતાવવામાં આવી હતી. યંગ ઈન્ડિયા ગ્રુપના સહયોગથી આ હકારાત્મક જીવનશૈલીનો મેસેજ આપતી ખુબ જ સુંદર ફિલ્મ બતાવી જેલમાં બંદીવાનોને માનસિક તણાવ દૂર થાય તેવો જેલ તંત્ર દ્વારા સકારાત્મક પ્રયાસ કરવામાં આવ્યો છે.

મોરબી જેલના ૩૧૯ બંદીવાનો માટે આજે સોમવારે સાંજે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંદીવાનોમાં હકારાત્મક દ્રષ્ટિકોણ અને માનસિક તંદુરસ્તીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી, જેલના મુખ્ય ટાવર પાસે આવેલા ખુલ્લા મેદાનમાં ગુજરાતી સુપરહિટ ફિલ્મ લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતેનું વિશેષ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું. આ પહેલ જેલ સુધારાગૃહ તરફના સતત પ્રયાસોનો એક ભાગ છે, જે અંતર્ગત કેદીઓને સર્જનાત્મક, પ્રેરણાદાયી અને તણાવમુક્ત પ્રવૃત્તિઓ સાથે જોડવાનો પ્રયાસ થકી બંદીવાનોએ આ ફિલ્મનો શો આનંદ માણ્યો હતો.

આ સમગ્ર આયોજન મોરબી યંગ ઈન્ડિયા ગ્રુપના ડો દેવેન ભાઈ રબારીના સહયોગથી શક્ય બન્યું હતું. મોરબી સબજેલ ઈન્ચાર્જ સુપરિન્ટેન્ડેન્ટ એચ એ બાબરીયાએ આ કાર્યક્રમનું સંકલન કર્યું હતું. જેલના તમામ સ્ટાફ કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ ફિલ્મ થકી ઘરના મુખિયા વગર ઘરના પરિવાના સભ્યોની વેદનાને વાચા આપી બંદીવાનોના હૃદય પરિવર્તન કરવાના પ્રયાસ કરેલ છે આજના અવિસ્મરણીય યોજાયેલા આ કાર્યક્રમની બંદીવાનોએ ખૂબ જ પ્રશંસા કરી હતી, કારણ કે આવી હૃદય સ્પર્શી ફિલ્મ જોવાનો એક મોકો મળ્યો હતો અને ભક્તિ સાથે આત્મવિશ્વાસ કેળવવાં જેલમાં પણ તક મળી હતી.

જેલ અધિક્ષક એચ.એ. બાબરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,આ પ્રકારની પ્રેરક પહેલ જેલ તંત્ર દ્વારા કરવામાં આવી આ પાછળનું મુખ્ય કારણ જેલમાં બંધ બંદીવાનોમાં માનસિક તણાવ ઘટાડવામાં અને સકારાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય ઉદેશ છે સાથે સાથે બંદીવાન ભાઈઓના માનસિક રીતે પણ ખુબ સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય છે. ખાસ કરીને લાલો - કૃષ્ણ સદા સહાયતે ફિલ્મ જે કર્મના સિદ્ધાંત પર આધારિત છે, તે કેદીઓને તેમના ભૂતકાળ પર વિચાર કરવા અને ભવિષ્યમાં સારો માર્ગ અપનાવવા માટે પ્રેરણા આપી શકે છે.

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ, જેને ઢોલીવુડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે લાંબા સમય બાદ લાલો ફિલ્મથી ઉમદા મનોરંજનની સાથે કર્મથી જીવન જીવવાનો મેસેજ આપ્યો છે. આ હિટ ફિલ્મને જેલમાં દર્શાવવાનો નિર્ણય એ દર્શાવે છે કે જેલ પ્રશાસન કેદીઓના સુધારણા અને પુનર્વસન માટે માત્ર કડક નિયમો જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને મનોરંજનના માધ્યમોનો પણ ઉપયોગ કરી રહ્યું છે. આ અનોખો અભિગમ કેદીઓના જીવનમાં એક સકારાત્મક પરિવર્તન લાવવાની આશા જન્માવે છે.જે પોતાના પરિવારની લાગણીઓ અને પરિવાર પર વ્યક્તિ વિના આવતી સમસ્યાઓ ને સંપૂર્ણ પણે ઉજાગર કરે છે. આ અવસરે યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર ડૉ. દેવેનભાઈ રબારી એ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જીવનમાં પરિસ્થિતિ કેટલીય મુશ્કેલ કેમ ન હોય, પરંતુ માનવી જો આત્મચિંતન, કર્મના સિદ્ધાંતો અને સકારાત્મક વિચારસરણીને જીવનમાં સ્થાન આપે તો નવી શરૂઆત હંમેશા શક્ય બને છે. તેમણે બંદીવાનોને માનસિક રીતે મજબૂત રહેવા, યોગ, ધ્યાન અને સદ્કર્મના માર્ગે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. ડૉ. દેવેનભાઈએ વધુમાં જણાવ્યું હતું કે જેલ માત્ર દંડનું સ્થળ નથી, પરંતુ જીવન સુધારાનું કેન્દ્ર બની શકે છે. જો ત્યાં આશા, સંસ્કાર અને આત્મવિશ્વાસનું બીજ વાવાય. આવા કાર્યક્રમો દ્વારા બંદીવાનોમાં હૃદયપરિવર્તન અને સમાજમાં પુનઃસ્થાપનનો માર્ગ સુગમ બને તે જ યંગ ઈન્ડિયા ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ છે.

મોરબીમાં સંચારી રોગ અટકાયત બાબતે કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે સંચારી રોગ અટકાયત માટેની જીલ્લા સર્વેલન્સ અને સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પાણીજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા માટે દરેક ગ્રામ પંચાયત સરપંચ/તલાટી મંત્રી પીવાના પાણીનું નિયમિત ક્લોરીનેશન થાય તે માટે પંચાયત મારફતે ક્લોરીન પાવડર ખરીદી કરવા તથા તેનું મોનીટરીંગ કરવા સુચના આપવામાં આવી હતી.

હાલમાં ઠંડીની ઋતુમાં સિઝનલ ફ્લુના કેસમાં વધારો ન થાય તે માટે ફિલ્ડમાં કોલ્ડ વેવ્સ સંબંધિત કામગીરી કરવા તથા જાહેર મેળાવડાના સ્થળે લોકો સમુહમાં એક્ઠા ન થાય તે બાબતે જાગૃત કરવા જણાવવામાં આવ્યું હતું. વધુમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મન કી બાતમાં કરેલ સુચન મુજબ સમાજમાં એન્ટી-બાયોટીકનો વધુ પડતો ઉપયોગ અટકાવવા માટે ડૉકટરના પ્રિસ્ક્રિપ્શન વગર જાતે એન્ટી-બાયોટીકનો ઉપયોગ ન કરે તે માટે લોકોને જાગૃત કરવા જણાવવામાં આવ્યું હતું તેવું મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વસઈની દસેક કરોડની જમીનનો ખોટો વેચાણ કરાર બનાવી લેવાયાની ફરિયાદ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર નજીકના વસઈ ગામમાં આવેલી અંદાજે રૂા.દસેક કરોડની કિંમતની એક જગ્યાના તેના માલિક વૃદ્ધાની જાણ બહાર વેચાણ કરાર તૈયાર કરાવી, અંગુઠાનું ખોટું નિશાન મરાવી, ખોટી ઓળખ તથા સાક્ષી ઉભા કરી નોટીસ આપ્યા પછી ચાર શખ્સે દીવાની અદાલતમાં દાવો પણ કરી નાખતા અને આ બાબત ખરા માલિકના ધ્યાનમાં આવતા મામલો પોલીસ સ્ટેશને પહોંચી ગયો છે. પોલીસે વકીલ સહિત ચાર સામે ગુન્હો નોંધ્યો છે.જામનગર તાલુકાના વસઈ ગામમાં રહેતા રંજનબેન નરશીભાઈ સુમરીયા નામના વૃદ્ધાની અંદાજે રૂા.દસેક કરોડની વસઈ ગામમાં જમીન આવેલી છે. તે જમીન (રે.સ.નં. ૩૧૮)નો વેચાણ કરાર કોઈએ બનાવી નાખ્યો હતો.ગયા જાન્યુઆરી મહિનામાં થયેલા આ કૃત્યની રંજનબેનને જાણ થઈ હતી. જેની તેઓએ તપાસ કરાવતા રાજકોટના સવદાસ અરજણ ચાવડા, ટીંબડીના કિશોર હેમગર ગોસાઈ, ખંભાળિયાના બેરાજાના પુંજા કાળુ કરમુર તથા વકીલ રણછોડભાઈ નરશીભાઈ પરસાણા આમાં સંડોવાયેલા હોવાનું જણાઈ આવ્યું હતું.આ મહિલાની માલિકીની જમીનનો તેઓની જાણ બહાર બોગસ વેચાણ કરાર તૈયાર થઈ ગયો હતો અને તેઓના અંગુઠાનું ખોટું નિશાન મરાવી કાગળોમાં ખોટી ઓળખ તથા સાક્ષી પુરાવા રજૂ કરી દેવાયા હતા અને આ વેચાણ કરારની નોટીસ આપી દેવાઈ હતી અને જામનગરની સિવિલ કોર્ટમાં આ અંગે દાવો પણ કરી નખાયો હતો. રંજનબેને આ બાબતની સિક્કા પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચારેય વ્યક્તિ સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

સાવસર પ્લોટમાં બેફામ હોસ્પિટલો સામે કાર્યવાહીની માંગ, મોરબી મનપા કમિશનરનું ફરી ધ્યાન દોરાયું

પાર્કિંગ વિહોણું બાંધકામ, ગેરકાયદેસર ઓટા-બોર્ડ અને ટ્રાફિક જામ મુદ્દે સામાજિક કાર્યકરોની લેખિત રજુઆત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના જુના બસ સ્ટેન્ડ નજીક સાવસર પ્લોટ વિસ્તારમાં ખાનગી હોસ્પિટલો દ્વારા નિયમોનો ખુલ્લેઆમ ભંગ થતો હોવાનો મુદ્દો ઉઠ્યો છે. જેમાં પાર્કિંગના અભાવે જાહેર રસ્તા પર અસ્તવ્યસ્ત પાર્કિંગથી ટ્રાફિક જામ સર્જાય છે. ગેરકાયદેસર ઓટા, રેમ્પ અને મોટા બોર્ડથી રસ્તા પર કબજો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઉભરાતી ગટરો અને ગંદકીથી આરોગ્ય જોખમ વધ્યું છે. ત્યારે તાત્કાલિક ડિમોલીશન સહિત કડક કાર્યવાહી માટે મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા કમિશનરને લેખિત માંગ કરાઈ છે.(મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, ગીરીશભાઈ કોટેચા અને દેવેશ મેરૂભાઈ રાણેવાડીયાએ મનપા કમિશનર સ્વપિનલ ખરેને લેખિત રજુઆત કરી જણાવ્યું કે, જુના બસ સ્ટેન્ડ નજીક સાવસર પ્લોટમાં આવેલી ક્રિષ્ના, આયુષ, ગોકુલ સહિતની હોસ્પિટલો નિયમો વિરુદ્ધ ચાલતી હોવાનો આક્ષેપ કરાયો છે. આરોગ્ય સુવિધા જરૂરી હોવા છતાં પાર્કિંગ વિના હોસ્પિટલ ચલાવવી જનહિત વિરુદ્ધ હોવાનું જણાવાયું છે. દર્દીઓ, વૃદ્ધો, મહિલાઓ અને ઈમરજન્સી એમ્બ્યુલન્સ માટે જગ્યા ન હોવાથી રસ્તા પર પાર્કિંગ થાય છે. પરિણામે સતત ટ્રાફિક જામ અને અકસ્માતની ભીતિ રહે છે. હોસ્પિટલો દ્વારા ૩-૪ ફૂટના ગેરકાયદેસર ઓટા, રેમ્પ અને મોટા બોર્ડથી જાહેર રસ્તા પર કબજો કરાયો છે. સાવસર પ્લોટમાં ગટરો ઉભરાય છે, ગંદુ પાણી રસ્તા ઉપર આવે છે અને કચરાથી દુર્ગંધ ફેલાય છે. શહેરના અન્ય વિસ્તારોમાં કડક ડિમોલીશન થાય છે, તો હોસ્પિટલોને છૂટછાટ કેમ? એવો પ્રશ્ન ઉઠ્યો છે. ત્યારે સામાજિક કાર્યકરોએ તાત્કાલિક તપાસ, ગેરકાયદેસર માળખાં પર ડિમોલીશન અને ડ્રેનેજ-સ્વચ્છતાનો કાયમી ઉકેલ કરવાની માંગણી સાથે લેખિત રજુઆત કરી છે. આ સાથે ચેતવણી આપવામાં આવી છે કે, કોઈ નક્કર પગલાં ન લેવાય તો નાગરિકોમાં રોષ ઉગ્ર બનશે, તેની સમગ્ર જવાબદારી તંત્રની રહેશે.

'મેક ઈન જસદણઃ દેશનાં સીમાડા કૂદી આફ્રિકા સુધી પહોંચતો થ્રેશર ઉદ્યોગ

એન્જિનિયરિંગની ડિગ્રી વગર કોઠાસૂઝથી આધુનિક થ્રેશર મશીન બનાવતા જસદણનાં કારીગરોની કરામત

આલેખનઃ જીતેન્દ્ર નિમાવત

રમકડાં, હેન્ડીક્રાફ્ટ, ભરતગૂંથણ અને એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ ઉદ્યોગ તરીકે વિકસેલા રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાએ ''વોકલ ફોર લોકલ'' તરીકે આગવી ઓળખ મેળવી છે. જસદણનાં કારીગરોની કરામત આજે અન્ય રાજ્યોથી લઈને વિદેશમાં પણ જાણીતી બની છે. ત્યારે આજે વાત કરીએ જસદણમાં નિર્માણ પામતાં ખેતીનાં મહત્વપૂર્ણ સાધન થ્રેશરનાં ઉદ્યોગ વિશે...

આગામી તા.૧૧ અને ૧૨ જાન્યુઆરીનાં રોજ રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (વી.જી.આર.સી.) યોજાશે. વડાપ્રધાન દ્વારા ખુલ્લી મૂકાનાર અને રાજકોટને આંગણે પ્રથમવાર યોજાનાર આ રિજનલ કોન્ફરન્સમાં મલ્ટી નેશનલ કંપનીઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિથી સૌરાષ્ટ્ર-કચ્છના વિકાસને નવી દિશા મળશે.

આપણાં દેશમાં આજે પણ ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે. ખેતી અને ખેડૂતને સમૃદ્ધ કરવા રાજ્ય સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ ઉપયોગી બની રહી છે. એગ્રીકલ્ચર એન્જિનિયરિંગનાં સહયોગથી ઓછાં સમય, શ્રમથી કૃષિ કાર્ય સરળ બન્યું અને ખેત મશીનરી ઉદ્યોગ વિકસ્યો છે. ત્યારે જસદણનો થ્રેશર ઉદ્યોગ દેશનાં સીમાડા વટીને આફ્રિકા સુધી પહોંચ્યો છે. આજે થ્રેશર ઉદ્યોગ જસદણની આગવી ઓળખ બની ગયો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં ''વોકલ ફોર લોકલ''ને પ્રોત્સાહન મળી રહ્યું છે. ત્યારે સ્થાનિક ઓળખને વિસ્તૃત અને વૈશ્વિક લેવલે લઈ જવા વી.જી.આર.સી. જેવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. જસદણમાં ખેતીવાડીનાં ઓજાર બનાવવાની કંપની ધરાવતા જયંતીભાઈ રાઠોડે સરકારનાં ''વોકલ ફોર લોકલ'' અભિયાનને બિરદાવ્યું હતું. તેમણે કહ્યું કે, આજે અહીનાં થ્રેશર ઉદ્યોગને કારણે જસદણ પંથકે દેશ વિદેશમાં અનોખી ઓળખ મેળવી છે. જસદણમાં ૮૦થી વધુ થ્રેશરનાં કારખાનામાં અંદાજે પાંચથી સાત હજાર કારીગરોને રોજગારી મળી રહી છે.

તેમણે કહ્યું કે, એગ્રીકલ્ચર એન્જિનિયરિંગમાં વિવિધ ટેકનોલોજી આવતા અત્યારે ખેતીકાર્ય સરળ બની રહ્યું છે. અત્યારનાં મલ્ટીપર્પસ થ્રેશર જે ખેડૂતોમાં 'ડબા' તરીકે ઓળખાય છે. આ થ્રેશર દાણાને અલગ કરી નકામા કચરાને (નિરણ)ડબામાં ભરી આપે છે. આ ઉપરાંત ખેડૂતની ઈચ્છા મુજબ ગમે તે સ્થળે અનાજનો ઢગલો કરી આપે છે. આ ટેકનોલોજીથી કુદરતી આફતનાં સમયે ઝડપથી તથા સુરક્ષિત જગ્યાએ અનાજનો સંગ્રહ કરી શકાય છે.

જયંતીભાઈએ વિશેષમાં કહ્યું કે, ગુજરાત ઉપરાંત આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન તેમજ આફ્રિકા સુધી જસદણ પંથકનાં થ્રેશરની નિકાસ કરવામાં આવે છે.

જુદાં-જુદાં ૧૫૦થી ૨૦૦ જેટલા પાર્ટનો ઉપયોગ કરી આ મશીન બને છે, ૪૦ થી ૫૦ જેટલા કામદારો રો-મટીરીયલમાંથી પ્રોસેસ કરી થ્રેશર બનાવે છે. જેમાં ઉપયોગમાં લેવામાં આવતું એમ.એસ. લોખંડ અને જી.પી. પતરું અમદાવાદ, આણંદ, ભાવનગર અને મુંબઈ સહિતનાં શહેરોમાંથી મંગાવવામાં આવે છે.

જસદણની મુખ્ય ઓળખ તેનું જડતર કામ છે. થ્રેશરમાં વેલ્ડિંગ ઉપરાંત જડતર કામ કરવામાં આવે, જેનાથી થ્રેશર મજબૂત રહે છે. ફક્ત ત્રણ ધોરણ સુધી ભણેલા અને ૩૫ વર્ષથી જસદણમાં થ્રેશર બનાવતા કારીગર જગદીશભાઈ પાસે આગવી સૂઝ છે. ફક્ત ફોટો જોઈને કોઈપણ પ્રકારનું થ્રેશર બનાવી આપતા જગદીશભાઈએ કોઈ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગની ડીગ્રી લીધી નથી. પરંતુ, હાથની કારીગરી અને પોતાનાં કૌશલ્યથી અવનવા થ્રેશર બનાવતા જગદીશભાઈ ખેતી અને ખેડૂતોનાં સાથી બન્યા છે. તેમણે કહ્યું કે, આજે દેશ-વિદેશની ખેતીમાં જસદણના થ્રેશરનો ઉપયોગ કરવામાં આવે છે, જે અમારા માટે ગૌરવની વાત છે. એગ્રીકલ્ચર એન્જિનિયરિંગમાં પુષ્કળ તકો રહેલી છે. આગામી સમયમાં રાજકોટ ખાતે યોજાનાર વી.જી.આર.સી.માં આ ઉદ્યોગને નવી દિશા મળે અને વધુ સંશોધન થાય તે આવકાર્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેત ઓજાર ખરીદીમાં ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ૪૦ થી ૫૦ ટકા જેટલી સબસીડી પણ આપવામાં આવે છે. જેથી આજે ખેતીનાં વિકાસ સાથે રાજ્યનાં ખેડૂતો પણ વિકસિત ભારતનાં નિર્માણમાં સહયોગી બની રહ્યાં છે.

રાજકોટમાં ઈમરજન્સી સેવાઓના કર્મયોગીઓએ સેવાના સંકલ્પ સાથે નવા વર્ષની ઉજવણી કરી

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં શ્રમ આયુક્તની કચેરી ખાતે ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસોર્સ ઈન્સ્ટિટયૂટ ગ્રીન હેલ્થ સર્વિસના કર્મચારીઓએ નવા વર્ષની ઉજવણી કરી હતી. જેમાં જિલ્લામાં કાર્યરત ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓએ એકઠા થઈ, કેક કાપીને નવા વર્ષને આવકાર્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ, ખિલખિલાટ, મોબાઈલ હેલ્થ યુનિટ, ૧૯૬૨ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ, ૧૮૧ મહિલા અભયમ્? હેલ્પલાઈન, ૧૧૨ જનરક્ષક સેવાના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતાં.

આ તકે અધિકારીઓએ કર્મચારીઓની શ્રેષ્ઠ કામગીરીની સરાહના કરી હતી અને આગામી વર્ષ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. નવા વર્ષની ઉજવણી માત્ર મોજ-મજા પૂરતી મર્યાદિત ન રહેતા, કર્મયોગીઓએ મનુષ્ય અને અબોલ જીવોની સેવા માટે ફરજનિષ્ઠા, પ્રમાણિકતા અને પરમાર્થની ભાવના વિકસાવવાના સંકલ્પ લીધા હતાં. તેમજ નવું વર્ષ ૨૦૨૬ સૌના માટે લાભદાયક, આરોગ્યમય અને સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારું બની રહે, તેવી એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના પ્રોગ્રામ મેનેજર શ્રી જયેશભાઈ કારેણા, કરુણા એમ્બ્યુલન્સ સેવાના પ્રોગ્રામ મેનેજર શ્રી પ્રજ્ઞેશભાઈ સોચા તેમજ તમામ પ્રોજેક્ટના ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ્સ અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર્સએ ઉપસ્થિત રહ્યાં હતાં.

મોરબી બિલ્ડર એસોસીએશન તરફથી શહીદ ગણેશભાઈ પરમારના પરિવારને રૂ.૨ લાખની સહાય

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી બિલ્ડર એસોસીએશને શહીદ ગણેશભાઈ પરમારના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી આર્થિક સહાય અર્પણ કરી છે. બિલ્ડર એસોસીએશનના વર્તમાન તથા પૂર્વ પ્રમુખો દ્વારા રૂ.૨ લાખની સહાય પરિવારને અર્પણ કરવામાં આવી હતી. આ માનવીય કાર્ય બદલ એસોસીએશનની સામાજિક જવાબદારીને લોકોએ બિરદાવી હતી.

મોરબી બિલ્ડર એસોસીએશન દ્વારા ગઈકાલે તા.૫/૧/૨૦૨૬ ના રોજ શહીદ ગણેશભાઈ પરમારના પરિવારને આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. બિલ્ડર એસોસીએશનના પ્રમુખ સંતોષભાઈ શેરસીયા તથા તેમની કારોબારી સમિતિ દ્વારા પરિવારને રૂ.૧,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવી હતી. આ રકમ એસોસીએશનના ઉપપ્રમુખ રુચિરભાઈ કારીયા, ઉપપ્રમુખ હિતેશભાઈ રંગપરીયા, પૂર્વ ઉપપ્રમુખ ભાવેશભાઈ કણજારીયા તેમજ મોરબીના બિલ્ડર ગૌરવભાઈ કારીયા દ્વારા પરિવારને અર્પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, બિલ્ડર એસોસીએશનના પૂર્વ પ્રમુખ શામજીભાઈ રંગપરીયા તરફથી પણ શહીદ ગણેશભાઈ પરમારના પરિવારને રૂ.૧,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવી હતી. આ સહાય પણ ઉપપ્રમુખ રુચિરભાઈ કારીયા, ઉપપ્રમુખ હિતેશભાઈ રંગપરીયા, પૂર્વ ઉપપ્રમુખ ભાવેશભાઈ કણજારીયા તથા બિલ્ડર ગૌરવભાઈ કારીયા દ્વારા પરિવારને સોંપવામાં આવી હતી.

ગુજરાતના બ્રહ્મસમાજે કોળી સમાજ પાસેથી શીખ લેવાની જરૂરઃ તુષિત પાણેરી

મુખ્ય સમાચાર, રાજકોટ

ગત તા - ૦૧ ન રોજ મહુવા તાલુકાના બગદાણા ગામે થયેલી બબાલ મા કોળી સમાજ ના યુવક નવનીત ભાઈ બાલધીયા પર અમુક શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો , જેને પગલે સમગ્ર કોળી સમાજ મા રોષ વ્યાપી ગયો છે . . આ બનાવ ના પગલે રાજ્ય સરકાર ના મંત્રી અને દિગ્ગજ કોળી નેતા પરસોત્તમ ભાઈ સોલંકી , તેમના નાના ભાઈ રાજુલા ભાજપ ના ધારા-સભ્ય હિરાભાઈ સોલંકી એ ભોગ બનનાર પીડિત યુવક ની મુલાકાત લઈને તેને આશ્વાસન આપ્યું , નવનીત ભાઈ ને ન્યાય અપાવવા પોતાના જ પક્ષ ની સરકાર સામે બાયો ચડાવી.

આ અંગે બ્રહ્મ સમાજના અગ્રણી તુષિત પાણેરી એ જણાવ્યું હતું કે હજી અઠવાડિયા પહેલા ભાવનગરમા બ્રહ્મ સમાજ ના યુવક યશ ઉપાધ્યાય અને તેના માતા પિતા ને પ્રેમ લગ્ન કરવા બાબતે યુવક ના સાસરી પક્ષ દ્વારા ઢોર માર મરાયો જે

દરેક ટીવી મીડિયા સોશિયલ મીડિયા મા આવ્યું ત્યારે બ્રહ્મ સમાજ ના મિલનભાઈ શુક્લ સહિત ના અન્ય આગેવાનો ભાવનગર દોડી ગયા હતા અને યશ ઉપાધ્યાય ની પડખે ઊભા રહ્યા હતા વર્તમાન ભાજપ સરકાર મા આખા ગુજરાત માંથી બ્રહ્મ સમાજ ના કુલ સાત ધારાસભ્યો અને એક મંત્રી ચૂંટાયેલા છે , આ સાત ધારા-સભ્યો પૈકી ના એક સેજલ બેન પંડ્યા જે ભાવનગર પૂર્વ થી ભાજપ ના ધારાસભ્ય છે તેઓ પણ આ પીડિત યશ ઉપાધ્યાય અને તેના પરિવારજનો ની વ્હારે આવ્યા નહી કે સરકાર મા આ યુવક ને ન્યાય અપાવવા માટે ની આક્રમક રજૂઆત કરી નહી

પાણેરીએ વધુમાં જણાવ્યું કે કમનસીબે પક્ષા પક્ષી ના રાજકારણ ના લીધે કોંગ્રેસ ના એક પણ બ્રહ્મ સમાજ ના ઉમેદવાર વિધાનસભા મા ચૂંટાયા નથી પણ વર્ષો થી ભાજપ ને વફાદાર રહેલા બ્રહ્મ સમાજ ના એક દીકરા પર અત્યાચાર થાય છ્તા ભાજપ ના બ્રાહ્મણ ધારાસભ્યો પોતાની જ સરકાર મા સમાજ તરફી બોલે નહી તે સ્પષ્ટ કરે છે કે સમાજ ના ચૂંટાયેલા ધારાસભ્યો ને સમાજ ની પડી નથી

ભાવનગર મા યશ ઉપાધ્યાય અને તેના માતા પિતા સાથે બનેલ બનાવ બાદ ભાજપ ના બ્રહ્મ સમાજ ના ધારાસભ્યો નું વલણ અને ક્ષમતા સમાજ સામે ઉજાગર થઈ ગયા છે . . ભાવનગર ની ઘટના ને પ્રથમ શીખ સમજી આગામી સમય મા આવતી તમામ ચૂંટણીઓ મા હવે પછી બ્રહ્મ સમાજે ગુજરાત ના દરેક ગામ શહેર મા ભાજપ ને સમર્થન ન આપવું જોઈએ , એક બ્રાહ્મણ ના દીકરા તરીકે બ્રહ્મ સમાજ ના સૌ શ્રેષ્ઠીઓ વડીલો મોભીઓ ને બે હાથ જોડીને પાણેરીએ વિનંતી કરી હતી

મોરબીના કાલિકા પ્લોટમાં જાહેરમાં વર્લીમટકાનો જુગાર રમતા બે પકડાયા

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ભવાની સોડા વાળી શેરી કાલિકા પ્લોટ વિસ્તારમાં જાહેરમાં બે ઈસમો વર્લી ફિચર્સના આંકડાઓનો નસીબ આધારિત રૂપિયાની હારજીતનો જુગાર રમી રમાડતા હોય, ત્યારે પોલીસે આરોપી નવઘણભાઈ મોહનભાઈ સોલંકી ઉવ.૨૦ તથા મકબુલભાઈ નિજામભાઈ ચાનીયા ઉવ.૨૮ બન્ને રહે. કાલિકા પ્લોટ મોરબી વાળાને વર્લી ફીચર્સના અલગ અલગ આંકડાનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા. આ સાથે પોલીસે બન્ને આરોપીઓ પાસેથી રોકડા રૂ.૩,૦૧૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી પાટીદાર શિક્ષક સમાજનો ભવ્ય સ્નેહ મિલન સમારોહ સંપન્ન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી પાટીદાર શિક્ષક સમાજ દ્વારા સમાજમાં એકતા, સંગઠન અને પ્રેરણાની ભાવના મજબૂત બને તે હેતુથી સ્નેહમિલન, મોટિવેશન અને તેજસ્વીતા સન્માનનો ત્રિવિધ સમારોહ યોજાયો હતો. સમાજ શ્રેષ્ઠીઓની પ્રેરક ઉપસ્થિતમાં યોજાયેલા આ સમારોહમાં શિક્ષકો, તેજસ્વી વિદ્યાર્થીઓ અને નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

મોરબી તાલુકામાં સારસ્વત શિક્ષક તરીકે ફરજ બજાવતા કડવા-લેવા પાટીદાર સમાજના ભાઈ-બહેનોના સંગઠન શ્રી પાટીદાર શિક્ષક સમાજ- મોરબી દ્વારા ''હું નહિ પણ આપણે''ની ભાવના ઉજાગર થાય તે હેતુથી સ્નેહમિલન, મોટિવેશન અને તેજસ્વીતા સન્માન સમારોહનું ભવ્ય આયોજન એસ.પી. રોડ પર આવેલ દ્વારકાધીશ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. આ ત્રિવિધ સમારોહમાં શૈક્ષણિક, સામાજિક, રચનાત્મક અને સંગઠનાત્મક વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

સમારોહમાં કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળના પ્રમુખ બેચરભાઈ હોથી, પાટીદાર યુવા સંઘના મેન્ટોર મનોજભાઈ પનારા, આર.એસ.એસ. સૌરાષ્ટ્રના પ્રચાર પ્રમુખ વિપુલભાઈ અઘારા, શિક્ષણવિદ પી.ડી. કાંજીયા, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના જીલ્લા અધ્યક્ષ દિનેશભાઈ વડસોલા, મુખ્ય શિક્ષક સંઘના પ્રમુખ વિનોદભાઈ ગોધાણી, ઉમિયા સર્વિસ ક્લાસ ફોરમના પ્રમુખ અશ્વિનભાઈ એરણિયા, મોરબી-માળિયા સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ ડો. મનુભાઈ કૈલા, ઉમિયા સમાધાન પંચના કે.વી. આદ્રોજા, ઉમિયા સિનિયર સિટિઝન ક્લબના પ્રમુખ ભાણજીભાઈ આદ્રોજા સહિત અનેક સમાજ શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્તુતિથી કરવામાં આવી હતી. મંચસ્થ મહાનુભાવોને સરદાર પટેલના પોઝ અર્પિત કરી સ્વાગત કરાયું હતું. શાબ્દિક સ્વાગત હર્ષદભાઈ મારવણીયા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સંદીપભાઈ આદ્રોજાએ પાટીદાર શિક્ષક સમાજની પ્રવૃત્તિઓ અને કાર્યયોજનાની વિસ્તૃત માહિતી આપી હતી. દિનેશભાઈ વડસોલાએ પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓની કામગીરી પર પ્રકાશ પાડી શિક્ષકોને સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. પી.ડી. કાંજીયા, વિપુલભાઈ અઘારા અને મનોજભાઈ પનારાએ શિક્ષકોની શક્તિ, તાકાત અને સમાજમાં તેમની ભૂમિકા અંગે પ્રેરણાદાયી વક્તવ્યો આપ્યા હતા. સમારોહ દરમિયાન ધોરણ ૧૦, ધોરણ ૧૨ તેમજ મેડિકલ ક્ષેત્રમાં અને જેવી પરીક્ષાઓમાં ઉત્તમ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓને વિશેષ સન્માન અપાયું હતું તેમજ નિવૃત્ત થનાર શિક્ષકોને વિદાયમાન સન્માન અર્પિત કરવામાં આવ્યું હતું.

આભારદર્શન મુકેશભાઈ મારવણીયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે સંદીપ આદ્રોજા, હર્ષદ મારવણીયા, શૈલેષ ઝાલરીયા, મુકેશ મારવણીયા, દિનેશ વડસોલા, અશ્વિન એરણિયા, જીજ્ઞેશ રાબડીયા, ગિરીશ કલોલા, રમેશ કાલરીયા, શૈલેષ કાલરીયા, અશ્વિન દલસાણીયા, શશીકાંત ભટાસણા, અશોક વસિયાણી, રાજેશ મોકાસણા, જયેશભાઈ બાવરવા, કિરણ કાચરોલા, નીતિન દેથરીયા, ધર્મેન્દ્ર કાવઠીયા, જીતેન્દ્ર સદાતિયા, ભાવેશ પારેજીયા, સંદીપ લોરીયા અને મુકેશભાઈ બરાસરા સહિત સમિતિના તમામ કન્વીનરો અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમારોહનું સુવ્યવસ્થિત સંચાલન શૈલેષ ઝાલરીયા, હર્ષદભાઈ મારવણીયા અને રાજેશભાઈ મોકાસણા દ્વારા કરવામાં આવ્યું હતું.

મોરબી મનપાની હયાત વિકાસ યોજના બહારના વિસ્તારોમાં વિકાસ પરવાનગી અંગે મહત્વપૂર્ણ નિર્ણય

ડીપી જાહેર ન થયેલ વિસ્તારોમાં બાંધકામ મંજૂરી માટે રાજ્ય સરકારનો હુકમ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં જ્યાં હયાત વિકાસ યોજના અમલમાં નથી, ત્યાં વિકાસ પરવાનગી અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે જાહેર હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ત્યારે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ હુકમ જારી થયો છે. જેમાં મૂળ ગામતળની ૩૦૦ મીટર પેરીફરીમાં રહેણાંક અને કોમર્શિયલ હેતુ માટે પરવાનગી મળશે. તેમજ નક્કી કરેલ CGDCR મુજબ ઓફલાઈન વિકાસ પરવાનગી આપવામાં આવશે. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા જાહેર હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યાં સુધી વિકાસ યોજના અધિનિયમની કલમ-૧૩ હેઠળ વિકાસ યોજના પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી આ વ્યવસ્થા લાગુ રહેશે.

જે વિસ્તારોમાં હયાત અમલી વિકાસ યોજના નથી, ત્યાં હાલની CGDCR કેટેગરી મુજબ નિયમો લાગુ કરાશે. જેમાં મૂળ ગામતળની ૩૦૦ મીટર પેરીફરીમાં રહેણાંક તથા કોમર્શિયલ હેતુ માટે વિકાસ પરવાનગી મળી શકશે. આ સિવાયના વિસ્તારોમાં ખેતી ઝોન મુજબ CGDCRના ટેબલ નં. ૬.૨૦ પ્રમાણે FSI અને ગ્રાઉન્ડ કવરેજ લાગુ રહેશે. ખેતી ઝોનમાં ફાર્મહાઉસ, શૈક્ષણિક, ધાર્મિક, ઔદ્યોગિક તથા જાહેર ઉપયોગી બાંધકામ માટે મર્યાદિત પરવાનગી મળશે. નવા વિસ્તારોમાં પરવાનગી આપતી વખતે રસ્તા આયોજન અને ઝોનિંગ અંગે સત્તામંડળે પૂર્વ આયોજન કરવાનું રહેશે. આ સાથે ભવિષ્યમાં વિકાસ યોજના પ્રસિદ્ધ થાય ત્યારે આયોજનમાં એકરૂપતા જળવાય તે માટે સૂચનાઓ આપવામાં આવી છે. વિકાસ પરવાનગી માટે જરૂરી ફી, ચાર્જ અને પેનલ્ટી હાલની અમલી CGDCR મુજબ વસુલ કરવામાં આવશે. આ નિયમ મુજબના તમામ કેસોમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા વિકાસ પરવાનગી આપવાની કાર્યવાહી હાથ ધરાશે તેમ નગર નિયોજકની યાદીમાં જણાવ્યું છે.

ચેક પરતના કેસમાં સજા ફટકારાયા પછી નાસી ગયેલા બે આરોપીને પકડી લેવાયા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરના હાપામાં રહેતા બે શખ્સને ચેક પરતના કેસમાં અદાલતે સજા ફટકાર્યા પછી બંને આરોપી નાસી ગયા હતા. તેઓને પોલીસે પકડી લઈ જેલમાં મોકલી આપવાની તજવીજ કરી છે.જામનગરના હાપા નજીકના રામેશ્વર ટેનામેન્ટમાં રહેતા સુનિલ ભાવેશભાઈ નકુમ નામના શખ્સને ચેક પરતના કેસમાં પાંચેક મહિના પહેલાં અદાલતે છ મહિનાની કેદ ફટકારી હતી. ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હતો. આ આરોપીને પંચકોશી એ ડિવિઝનના એએસઆઈ શોભરાજસિંહ તથા એસ.કે. જાડેજાની બાતમીના આધારે હાપા રેલવે સ્ટેશન રોડ પરથી પકડી લેવામાં આવ્યો છે. હાપામાં વેલનાથ સોસાયટીમાં વસવાટ કરતા આનંદ વિજયભાઈ રણોલીયા નામના શખ્સ સામે પણ ચેક પરતની ફરિયાદ થઈ હતી. તેમાં અદાલતે તેને એક વર્ષની સજા ફટકારી હતી. આ આરોપી પણ છેલ્લા ત્રણેક મહિનાથી નાસતો ફરતો હતો. તેને હાપા પાસેથી દબોચી લેવામાં આવ્યો છે.

મોરબીમાં શારીરિક અને માનસિક ત્રાસ આપતા સાસરીયા વિરુદ્ધ પરણીતાએ ફરીયાદ નોંધાવી

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના પીલુડી(વાઘપર) ગામે રહેતા મહિલા જામનગરમાં સાસરે હોય જ્યાં તેમના સાસરીયા દ્વારા પરણિતાને શારીરિક અને માનસિક દુઃખ ત્રાસ આપતા હોવાથી પરણિતાએ સાસરીયા પક્ષ વિરુદ્ધ મોરબી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ મોરબી તાલુકાના પિલુડી વાઘપર ગામે રહેતા પરમેશ્વરીબા અભયરાજસિંહ ચુડાસમા (ઉ.વ. ૨૬) એ આરોપી અભયરાજ સિંહ અનોપસિંહ ચુડાસમા, ભારતીબા અનોપસિંહ ચુડાસમા, અનોપસિંહ મહિપતસિંહ ચુડાસમા, હર્ષરાજસિંહ અનોપસિંહ ચુડાસમા રહે. જાસોલીયા સોસાયટી. ગામ, જામનગરવાળા વિરુદ્ધ મોરબી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા જણાવ્યું હતું કે ફરીયાદીને આરોપીઓ દ્વારા અવારનવાર નાની નાની બાબતોમાં તથા ઘરકામ બાબતે તથા કરીયાવર ઓછો લાવ છો તથા દિકરીનો જન્મ થયો એ બાબતે મહેણાંટોણાં મારી ફરીયાદીના પતિની ચડામણી કરતા મારકુટ કરી શારીરિક અને માનસિક દુઃખ ત્રાસ આપવામાં આવતો હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદના આધારે આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ પંથકમાં પરિણીતાએ જાતીય સતામણીથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો કર્યો પ્રયાસ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ તાલુકામાં એક પરિણીતાએ એક શખ્સ દ્વારા વારંવાર ફોન કરીને અશ્લીલ વાતો કરવી અને રૂબરૂમાં હાથ પકડી જાતીય સતામણી કરવાના કારણે માનસિક તણાવમાં આવી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં ભોગ બનનાર પરિણીતાને પ્રથમ હળવદ અને બાદમાં ધ્રાંગધ્રાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાંથી પીડીતાએ હળવદ પોલીસ સમક્ષ આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા ફરીયાદ નોંધાવી છે.

હળવદ તાલુકાના ગ્રામ્યમાં રહેતા જ્યોતિબેન ઉવ.૨૨ વાળાએ પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે, તેના લગ્ન આશરે અગિયાર મહિના પહેલા થયા હતા અને હાલ તે પિયરમાં માતા-પિતા સાથે રહે છે. જ્યાં આરોપી કાનાભાઈ હમીરભાઈ કોળી રહે.ગોલસણ તા.હળવદ વાળા દ્વારા તેણીના મોબાઈલ ઉપર વારંવાર ફોન કરીને ખરાબ વાતો કરવામાં આવતી હતી. યુવતીએ ફોન ન કરવા ચેતવણી આપ્યા છતાં આરોપી ફોન કરતો રહ્યો હતો. ત્યારે ગઈ તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ જ્યોતિબેન ગોલાસણ ગામે હનુભા ગઢવીની વાડીએ હતા, તે દરમિયાન ઉપરોક્ત આરોપી કાનાભાઈ કોળી ત્યાં આવી તેણીનો હાથ પકડી હેરાન કરવા લાગ્યો હતો જેથી દેકારો કરતા આરોપી ત્યાંથી નાસી ગયો હતો. આ ઘટનાનું જ્યોતિબેનને મનમાં લાગી આવતા, તુવેરના પાકમાં ઈયળ મારવાની ઝેરી દવા પી લીધી હતી. ત્યારે પરિવારજનોએ તાત્કાલિક તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી. હાલ પરિણીતાની સારવાર ચાલુ છે અને તે સંપૂર્ણ ભાનમાં હોય જેથી ભોગ બનનારની ફરિયાદને આધારે હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદમાં સબસીડીયુક્ત યુરિયા ખાતરની ગેરકાયદે હેરાફેરીનો મોટો પર્દાફાશ

૪૦૦ બેગ યુરિયા, બે વાહન સહિત રૂ. ૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે, ચાર આરોપી સામે ગુનો દાખલ

મુખ્ય સમાચાર, મોરબી

હળવદ પોલીસે સબસીડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતર ખેડુતોને બદલે ઉદ્યોગોમાં ગેરકાયદે વેચાણ થતું હોવાનો પર્દાફાશ કર્યો છે. ધ્રાંગધ્રા હાઈવે પરથી આઈશર ટ્રક અને પાયલોટિંગ કરતી કાર સાથે ૪૦૦ બેગ યુરિયા ખાતર ઝડપાયું હતું. ત્યારે પોલીસ તપાસમાં ખાતર સહકારી મંડળીના મંત્રી દ્વારા ઉંચા ભાવે વેચાણ કર્યાનું ખુલ્યું છે. ખાતર ઔદ્યોગિક ઉપયોગ માટે મંગાવવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. આ સાથે પોલીસે તપાસના અંતે ચાર આરોપીઓ રાસાયણિક ખાતર નિયંત્રણ અધિનિયમ, આવશ્યક ચીજ વસ્તુ અધિનિયન હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમે પૂર્વ બાતમીને આધારે ગત તા. તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ધ્રાંગધ્રા-હળવદ હાઈવે પર કોયબા ગામના પાટિયા પાસે વોચ ગોઠવી, સબસીડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતરની ગેરકાયદે હેરાફેરી ઝડપી પાડી હતી. બાતમીના આધારે પોલીસે આઈશર ટ્રક રજી.નં. જીજે-૩૬-વી-૫૭૧૬ અને તેની આગળ પાયલોટિંગ કરતી સ્વીફ્ટ ડીઝાયર કાર રજી.નં. જીજે-૧૨-એકે-૦૪૩૫ અટકાવી તપાસ કરી હતી. ત્યારે આઈસરમાંથી કંપનીની ૪૦૦ બેગ યુરિયા ખાતર કિ.રૂ.૮,૦૦,૪૫૬/- મળી આવી હતી, આરોપીઓ પાસે કોઈ બિલ કે આધાર પુરાવા ન હોય જેથી સમગ્ર જથ્થો શંકાસ્પદ જણાતા કબ્જે લેવામાં આવ્યો હતો. આ સાથે ટ્રક અને કાર મળી કુલ રૂ.૧૫,૦૦,૪૫૬/-નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ઉપરોક્ત રાસાયણિક ખાતરના જથ્થાની ઊંડાણપૂર્વકની તપાસમાં ખુલ્યું કે ભેચડાં (ધ્રાંગધ્રા) ગામના સેવા સહકારી મંડળીના મંત્રી આરોપી રવિરાજસિંહ પ્રવિણસિંહ ઝાલાએ ખેડુતો માટે સરકાર દ્વારા સબસીડીયુક્ત ખાતર આરોપી કરશનભાઈ શેલાભાઈ દોરાલાને ઉંચા ભાવે વેચ્યું હતું. આ ખાતર મોરબીના બેલા અને ભડીયાદ ગામના જયદીપભાઈ ઘાટોડીયા અને જયસુખભાઈ અગ્રાવત દ્વારા ઔદ્યોગિક ઉપયોગ માટે મંગાવવામાં આવ્યું હતું. જ્યારે ખેતી અધિકારી દ્વારા લીધેલા નમૂનાઓ લેબોરેટરીમાં તપાસતા તમામ બેગોમાં ૪૬% નાઈટ્રોજન અને નીમ કોટિંગ હોવાની પુષ્ટિ થઈ, જે ખાતર માત્ર ખેતી ઉપયોગ માટે જ મંજૂર હોવાનું સાબિત થયું હતું. આથી સરકારને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ આરોપી રવિરાજસિંહ પ્રવિણસિંહ ઝાલા ઉવ.૩૫, રહે. ગામ ભેચડા તા. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર, કરશનભાઈ શેલાભાઈ દોરાલા ઉવ.૨૭, રહે. ગામ રાણેકપર તા. હળવદ જી. મોરબી, જયદીપભાઈ છગનભાઈ ઘાટોડીયા ઉવ.૨૭, રહે. ગામ બેલા રંગપર તા.જી.મોરબી, જયસુખભાઈ ગોપાલદાસ અગ્રાવત ઉવ.૪૫ રહેવાસી ગામ ભડિયાદ તા.જી.મોરબી વાળા ચારેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તથા ખાતર નિયંત્રણ અધિનિયમ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ખોટા દસ્તાવેજો બનાવી પ્લોટો વેંચી નાંખવાના ગુન્હામાં આગોતરા જામીન મંજુર કરતી સેશન્સ કોર્ટ

આ કેશમાં ભગીરથસિંહ ડોડીયા, જયવિર બારૈયા, મીલન જોષી, ખોડુભા સાકરીયા, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી તથા યશેશ ખેર એડવોકેટ તરીકે રોકાયેલ હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના ભાવનગર રોડ આજીડેમ ચોકડીની આગળ પેટ્રોલ પંપ પાછળ યોગીનગર વિસ્તારના રે.સ.નં. ૧૯૬ તથા ૧૯૭ ના બીનખેડવાણ થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૨ ની જમીન ચો.વા.આ. ૯૪૦-CO ના પ્લોટ આ કેસના ફરીયાદી જાગૃતભાઈ મહસુખલાલ શાહ ધ્વારા તા.૨૫/૫/૮૧ ના રોજ ખરીદવામાં આવેલ હતા. અને ત્યારબાદ તેઓ તેઓના વ્યવસાયના કામકાજ સબબ મુંબઈ મુકામે જતા રહેલ હતા અને સદરહું પ્લોટનું ધ્યાન તેના પિતાશ્રી રાખતા હતા હાલ તેઓની ઉમર મોટી હોય અને પ્લોટનું ધ્યાન રાખી શકતા ન હોય જેથી તેઓને પ્લોટનું વેચાણ કરવું હોય જેથી તેઓના એડવોકેટ મારફતે દૈનિકપત્રમાં નોટીસ આપેલ હતી પરંતુ નોટીસનો જવાબ અન્ય બે વ્યકિતઓ ધ્વારા તેઓના વકીલશ્રી મારફતે ફરીયાદીને આપવામાં આવેલ જેથી તેઓએ રાજકોટ આવી આ પ્લોટ અંગેના તમામ દસ્તાવેજો કઢાવેલ હતી ત્યારે તેઓને જાણવા મળેલ કે તેઓના પિતાના નામનું બોગસ કુલમુખત્યારનામું બનાવવામાં આવેલ છે અને જે કુલમુખત્યારનામાના આધારે સદરહું પ્લોટ પાર્વતીબેન ચતુરભાઈ ભાવાણી તથા કાજલબેન કરમશીભાઈ પરમારના નામનો વેચાણ દસ્તાવેજ બનાવવામાં આવેલ છે અને સદરહું વેચાણ દસ્તાવેજના આધારે તે પ્લોટ દીલીપ દીપચંદભાઈ બેલાણી તથા સીમાબેન પરેશભાઈ ચાવડાએ ખરીદ કરેલ છે જેથી સદરહું કુલમુખત્યારનામા બાબતે તપાસ કરતા તે બોગસ હોય જેથી આવા બોગસ કુલમુખત્યારનામાના આધારે તમામ દસ્તાવેજો ઉભા કરી એકબીજા સાથે મીલાપીપણું કરી અને ફરીયાદીનો કિંમતી પ્લોટનું વેચાણ કરી અને આર્થીક નુકશાન પહોંચાડેલ હોય તે અંગેની ફરીયાદ ફરીયાદી જાગૃતભાઈ મહાસુખલાલ શાહ ધ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલ અને જે અંગે આજીડેમ પોલીસ સ્ટેશન માં ગુન્હો નોંધેલ હતો.

ત્યારબાદ સદરહું કામમાં આરોપી કાજલબેન કરમશીભાઈ પરમાર તરફે નામદાર સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવેલ હતી સદરહું જામીન અરજી અન્વયે આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે કહેવાતું બોગસ કુલમુખત્યારનામું અમે ધ્વારા બનાવવામાં આવેલ નથી કે તેનો કોઈ ઉપયોગ તેઓ ધ્વારા કરવામાં આવેલ નથી તેઓ કાયદેસરના શુધ્ધબુધ્ધીના ખરીદનાર છે અને અવેજ આપીને સદરહું પ્લોટ ખરીદ કરેલ છે તેમજ તેઓએ હાલનો પ્લોટ અન્ય વ્યકિતને વેચી દીધેલ છે અને તેનો કબ્જો પણ તેઓ પાસે નથી સદરહું પ્લોટ બાબતે હાલ તેઓને કશું લાગતું વળગતું નથી તેમજ મોટી ઉંમરના સ્ત્રી છે તેઓ પાસેથી કોઈપણ જાતના દસ્તાવેજો કબ્જે કરવાના રહેતા નથી તેવા સંજોગોમાં આરોપીને આગોતરા જામીન પર મુકત કરવા જોઈએ તેમજ આ કેસ સંબંધે આરોપી તરફે ઘણાબધા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા અને તે મતલબની દલીલો કરવામાં આવેલ હતી.

જેથી બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ રાજકોટની સેશન્સ અદાલત ધ્વારા આ કામના આરોપી કાજલબેન કરમશીભાઈ પરમારને આગોતરા જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો.

આ કામમાં રાજકોટના ભગીરથસિંહ ડોડીયા, જયવિર બારૈયા, મીલન જોષી, ખોડુભા સાકરીયા, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી તથા યશેશ ખેર એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

નવયુગપરામાં ૮૬૪ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી રેડ કરીઃ કાર સહિત રૂ.૬.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં થર્ટી ફર્સ્ટ બાદ અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે શહેરમાં ઠેરઠેર પોલીસનો ચાપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોય જેના કારણે શહેરમાં બુટલેગરોને દારૂનું વેંચાણ કરવું ભારે મુશ્કેલ બની ગયું હોય જેથી શહેરમાં દારૂની તીવ્ર અછત વચ્ચે કમાઇ લેવાની લહાયમાં દારૂનું જથ્થો લઇને આવેલા બુટલેગરને ક્રાઇમ બ્રાન્ચની ટીમે નવયુગપરામાં દબોચી લઇ કાર સહિત રૂ.૬.૭૮ લાખનો મુદ્દામલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી પીએસઆઇ વી.ડી.ડોડીયા, એએસઆઇ અમીતકુમાર, હેડ કોન્સ. જયરાજભાઇ તથા દિલીપભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રામનાથપરા જુની જેલ સામે નવયુગપરામાં વિદેશી દારૂનું કટીંગ થવાનું હોય જેથી પોલીસે નવયુગપરા શેરી નં.૨ના ખૂણે વોંચ ગોઠવી હતી. તે દરમ્યાન સ્વીફ્ટ કાર નંબર જીજે૧૦એપી૮૩૧૧માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૮૬૪ બોટલ ચપલા મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૬.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર દિલીપ શંકર પરમાર (રહે.જનકપુરી આવાસ યોજના, ચાર માળીયા કવોર્ટર, ગંગોતરી ડેરીવાળી શેરી, સાધુવાસવાણી રોડ)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

માધાપર ચોકડીથી બેડી ચોકડીના હાઈવે પર રીક્ષામાં ગાંજાના જથ્થા સાથે ત્રણની ધરપકડ

ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમને મળી સફળતાઃ રીક્ષા સહિત રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં આગામી તારીખ ૧૧ જાન્યુઆરીના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના હોય જેથી શહેરમાં પોલીસનો ચાપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે ત્યારે દારૂની અછત વચ્ચે માદક પદાર્થ ગાંજાનું પુરજોશમાં વેચાણ થતું હોવાનું હોવાની હકિકતના આધારે ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે જામનગર રોડ પર માધાપર ચોકડથી બેડી ચોકડી તરફના બાયપાસ રોડ પર રીક્ષામાં ગાંજાના જથ્થા સાથે ત્રણ શખ્સોની દબોચી લઇ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે બંદોબસ્તમાં રહેલા ગાંધીગ્રામના પીઆઇ એચ.એન.પટેલની સુચનાથી ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા, એએસઆઇ જયંતીભાઇ, સલીમભાઇ, હરપાલસિંહ, હેડ કોન્સ. શક્તિસિંહ, રાહુલભાઇ સહિતનો સ્ટાફ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જતા બાયપાસ રોડ પર એક ઓટો રીક્ષા નંબર જીજે૦૩એએકસ૮૬૯૬માં ગાંજાનો જથ્થો લઇ ત્રણ શખ્સો નિકળવાના હોવાની હકિકતના આધારે પોલીસે બાયપાસ રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમ્યાન મનહરપુરના મંદિરની સામે બાણધારી હોટલ પાસેથી ઉપરોકત નંબરની રીક્ષા પસાર થતા પોલીસે અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ.૩૭,૭૫૦નો ગાંજાનો જથ્થો મળી આવતા રીક્ષા ચાલક અમીનશા યાસીનશા શાહમદાર (રહે.રેલનગર, મહારાણા પ્રતાપ ટાઉનશીપ, આઇ વીંગ ફલેટ નં.૧૧) અને રીક્ષામાં પાછળ બેઠેલ અરમાન રાજુ ખોખર (રહે.ભગવતીપરા ભારત પાનની સામે, સદામ દલવાણીના ભાડાના મકાનમાં), મોહનશીન અલારખા શાહમદાર (રહે.ભગવતી પરા, બોરીચા સોસાયટી, શેરી નં.૩) સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી રીક્ષા અને મોબાઇલ સહિત કુલ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં આતંક મચાવતી રૂખડિયાપરની બાટલી ગેંગના ૯ સાગરીતો ૧૦ દિવસના રિમાન્ડ પર

એક દશકામાં ૫૭ ગુનાઓને અંજામ આપનાર ગેંગની વધુ પુછતાછઃ સુત્રધાર સાવન ઉર્ફે લાલીનો વડોદરા જેલમાં કબજો મેળવવા કાર્યવાહી

મુખ્ય સમાચાર, રાજકોટ

રેલનગર અને પોપટપરા વિસ્તારોમાં રહેતી અને ખૂન, ખૂનની કોશિશ, ધમકી, અપહરણ, ચોરી, પોલીસ ઉપર હુમલો, ડ્રગ્સ સહીતના ૫૭ ગુનાઓ આચરી લોકોમાં ભયનું વાતાવરણ ઉભુ કરતી બાટલી ગેંગને નિયંત્રણમાં લાવવા માટે પોલીસ કમિશનર બજેશ કુમાર ઝાના આદેશથી જામનગર રોડ ઉપર વાલ્મીકી વાડીમાં રહેતા સૂત્રધાર સાવન ઉર્ફે લાલી સહિત ૧૪ શખસો સામે તપાસ કરી ગુજસીટોકનો ગુનો નોંધી ૯ શખસોની ધરપકડ કરી હતી. જયારે પાસા હેઠળ વડોદરા જેલમાં રહેલા સાવન ઉર્ફે લાવીનો કબજો મેળવવા કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ગુજસીટોકના પકડાયેલા ૯ આરોપીઓને વધુ પુછતાછ માટે ૧૦ દિવસના રિમાન્ડ મેળવી વધુ આરોપીઓને પકડી લેવા તેમજ સુત્રધારનો વડોદરા જેલમાંથી કબજો મેળવવા દોડધામ કરી છે.

આ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ બાટલી ગેંગે ૨૦૧૬થી ૨૦૨૫ દરમ્યાન ૩૦ ગંભીર સહિત ૫૭ગુનાઓ આચર્યા હોય જેમાં સાવન ઉર્ફે લાલી સંજયભાઈ વાઘેલા સહિતના શખસો પ્રાણઘાતક હથિયારો વડે આતંક મચાવી લોકોમાં ભયનો માહોલ ઉભો કરી કરતા હોવાનું બહાર આવ્યુ હતુ. બનાવમાં ક્રાઇમ બ્રાંચે ગુજસીટોકનો ગુનો નોંધી પોલીસની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓ સરફરાઝ ઉર્ફે ઈડો આરીફ કાદરી, કમલેશ ઉર્ફે લાલુ કાળુભાઈ પરમાર, સમીર ઉર્ફે ધો બસીરભાઈ શેખ, ઈશોભા રિઝવાન દલ, મીરખાન રહીશભાઈ દલ, અસલમ બસીરભાઈ શેખ, સુલેમાન નિઝામભાઈ દલ, ઈરફાન ખમીશભાઈ ભાણુ અને સાહિલ મુકેશભાઈ પાટડીયાની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીઓના રિમાન્ડ માટે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરવામાં આવશે. વધુ આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી ધરવામાં આવી છે.

દરમ્યાન એસીપી વીબી જાડેજા સહીતની ટીમે બાટલી ગેંગના ૯ આરોપીને કોર્ટ હવાલે કારવાની કાર્યવાહી કરી હતી જેમાં કોર્ટએ આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કરતા પોલીસે વધુ કેટલા ગુના? બાટલી ગેંગમાં વધુ કેટલા શખસોની સંડોવણી છે? તે સહીતની વધુ પુછ્તાછ કરી વધુ આરોપીને પકડી લેવા તેમજ સુત્રધાર પાસા હેઠળ વડોદરા જેલ હવાલે હોય તેનો જેલમાંથી કબજો લેવા કાર્યવાહી કરી છે.

ટુર એજન્ટે વેપારી પાસેથી ૧૪.૮૨ લાખ પડાવી પ્લેનની બોગસ ટિકિટો ધાબડી દીધી

એરપોર્ટ કાઉન્ટરના સ્ટાફે કહ્યું કે અમારી એરલાઇન્સની આવી ટિકિટો નથી હોતીઃ વેપારીની ફરિયાદ પરથી એ ડિવીઝન પોલીસે ગઠીયા સામે ગુનો નોંધ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં રહેતા વેપારીને ટુર એજન્ટે બોગસ ટીકીટો ધાબડી દઈ રૂ.૧૪.૮૨ લાખની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શાસ્ત્રીનગર શેરી નં ૧૩માં રહેતા અને રૈયા રોડ પર કાઠીયાવાડ પાઈપ્સ નામે ભાગીદારીમાં પેઢી ધરાવતા દેવીનભાઈ કાંતીલાલ ખાણદરે એ ડીવીઝન પોલીસમાં મવડીના નવલનગર ૩/૧૮માં રહેતા રવિ અરજણભાઈ ગાધેર સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વર્ષમાં અમારા ડીલર્સે ટાર્ગેટ પુરા કરે તેના માટે એકવાર રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય ટુરનું આયોજન કરીએ છીએ.વર્ષ ૨૦૨૫માં અમારા ડીલોરોએ જે ટાર્ગેટ પૂર્ણ કરેલ હોય જેથી બેંકોક-પટ્ટાયાની ટુરનું આયોજન કરવાનું હતું.જુલાઈ માસમાં મિત્ર ભાવિક ચૌહાણ અમારી ઓફીસે બેઠા હોય ત્યારે ટુરની વાત થતા તેણે યુબ સર્વિસીસ નામની એજન્સીનો સંપર્ક કરવા કહ્યું હતું.બાદ તે તથા તેના મોટા બાપુના પુત્ર અને ભાગીદાર હિરેનભાઈ સહિતના ત્રણેય યાજ્ઞિક રોડ પર આવેલ ગોલ્ડન સ્પેસમાં સ્કયુબ સર્વિસીસની ઓફીસે રવિને મળ્યા હતા અને ડીલર્સ માટે બેંકોક-પટ્ટાયાની ટુર જાન્યુઆરી-૨૬માં આયોજન કરવાની વાત કરતા શખસે પાંચ દિવસ અને ચાર નાઈટનું પર પર્સન રૂ.૪૦,૪૦૦ રૂપિયાનું એસ્ટીમેંટ આપેલ જેથી તેને અને ભાગીદારને યોગ્ય લાગતા ત્રીસ ડીલરોને મોકવાની વાત કરતા શખસે એડવાન્સ બુકીંગ પેટે રૂ.૨ લાખ આપવાની વાત કરેલ જેથી વેપારીએ તેની પેઢીના ખાતામાંથી શખસના ખાતામાં પૈસા ટ્રાન્સફર કર્યા હતા.બાદ કટકે-કટકે કુલ રૂ.૧૪.૮૨ લાખની ચુકવણી કરતા શખસે પ્લેનની ટીકીટ વોટ્સએપમાં મોકલી હતી. ત્રીસ લોકોને બેંકોક-પટાયા ગત.તા.૪/૧/૨૬માં જવાનું હોય અને ફલાઈટ અમદાવાદથી હોય જેથી ગત.૩ના રાજકોટથી અમદાવાદ રવાના થયા હતા.ત્યારે શખસ પણ અમારી સાથે આવેલ હતો.દરમ્યાન કમ્ફર્ટ ઈન હોટલ જે અમદાવાદમાં આવેલ ત્યાં કોઈ પાસેથી પેમેન્ટ લેવાનું છે તમે પહોંચો હું પાછળ આવવું છુ કહી ઉતરી ગયેલ જે બાદ અમદાવાદ એરપોર્ટ પહોંચી ત્યાં કાઉન્ટરે ટીકીટ બતાવતા સ્ટાફે જણાવ્યું કે આ ટીકીટો બોગસ છે અને અમારી એરલાઈન્સની આવી કોઈ ટીકીટો હોતી નથી.જેથી શખસને ફોન કરતા ગલ્લા તલ્લા કરવા લાગી ફોન કાપી નાખ્યો હતો.બાદ તેની ઓફિસે જઈ તપાસ કરતા તેની પત્ની હાજર હોય જેથી તેને રવિનું પુછ્તા પોતાને ખબર ન હોવાનું કહ્યું હતું.આમ ટુરમાં જવાના બહાને બોગસ ટીકીટો બનાવી રૂ.૧૪.૮૨ લાખ પડાવી છેતરપીંડી આચરી હોવાનું જણાવતા પીઆઈ બોરીસાગરના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સટેબલ વાય.એમ.ગોહિલે ગુનો નોંધી ગઠીયાની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટમાં વડાપ્રધાનના રોડ-શોનું આયોજન રદ

મુખ્ય સમાચાર, રાજકોટ

આગામી તા.૧૧ જાન્યુઆરીથી પાંચ દિવસ માટે યોજાનાર રિજીયોનલ વાઈબ્રન્ટ સમિટના ઉદઘાટન પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રોડ શો યોજનાર હોવાની તૈયારી અને અહેવાલો વચ્ચે આજે રાજકોટ આવેલા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં વડાપ્રધાનના રોડ શોનું કોઈ આયોજન જ નથી અત્યાર સુધી સરકારે રોડ શો અંગે કોઈ જાહેરાત કરી નથી અને આયોજન પણ નથી. હવે નવા શિડયુલ મુજબ, પીએમ મોદી ૧૦ તારીખે સોમનાથમાં રાત્રિ રોકાણ કરશે. તેના બાદ ૧૧ તારીખે પીએમ મોદી રાજકોટ આવશે. પીએમ મોદી સીધા વાયબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે. મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેલ્લા એક મહિનાથી પીએમ મોદીના રોડ-શોને લઈને તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી હતી. શહેરના મુખ્ય માર્ગોનું સમારકામ, ડિવાઈડર પર નવો કલર, ફુટપાથની સફાઈ અને વૃક્ષોના ટ્રિમિંગ સહિતની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવી હતી.જોકે, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, રાજકોટમાં રોડ-શોનું કોઈ આયોજન જ નહોતું. પ્રધાનમંત્રી માત્ર રિઝયોનલ વાઈબ્રન્ટ સમિટના ઉદઘાટનમાં હાજરી આપશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ગત સમાહે જ પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાનના આગમન અંગે સમીટ અંગે કલેકટર કચેરી ખાતે બેઠક યોજી હતી અને રોડ-શોનાં રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

રાજકોટના પોલીસ કમિશનરના બે બોગસ ફેસબુક એકાઉન્ટ ખુલ્યા

આર્થિક વ્યવહાર નહીં કરવા બ્રજેશકુમાર ઝાની અપીલ



મુખ્ય સમાચાર, રાજકોટ

સોશિયલ મીડિયામાં નકલીની ભરમાર વચ્ચે શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમારઝા નું એક નહીં પણ બે નકલી ફેસબુક એકાઉન્ટ બનાવાયું હોવાનું સામે આવ્યું છે. નકલી એકાઉન્ટ બનાવનાર શખ્સ દ્વારા અલગ અલગ લોકોને મેસેજ કરી નાણાની માંગણી કરવામાં આવતી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. દરમિયાન પોલીસ કમિશનર દ્વારા આ બાબતે કોઈએ પણ નાણાકીય વ્યવહાર નહી કરવા જણાવ્યું હતું. શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમારઝા ના નામના બે ફેક ફેસબુક એકાઉન્ટ બન્યા છે. જેમાં એક ગુજરાત અને બીજું અંગ્રેજી નામ વાળું એકાઉન્ટ બન્યું છે. જેમાં પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના ફોટાનો ઉપયોગ કરવામાં આવેલો છે. બે નકલી ફેસબુક એકાઉન્ટ બનાવનારે રાજકોટ સહીત ગુજરાતના ઘણા પત્રકારો અને પોલીસ કમિશ્નરના મિત્રોને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી છે. આ બાબતે કમિશનર બ્રિજેશ કુમાર ઝાએ મેસેજ કરીને નાણાની માંગણી કરે તો કોઈએ જવાબ નહી આપવા જણાવી આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરી છે અને તે તપાસ કરી રહ્યા છે. આ નકલી એકાઉન્ટમાંથી મેસેજ કરી નાણાની માંગણી કરવામાં આવતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જેથી લોકોને પણ વિનંતી છે કે, આ પ્રકારનો કોઈ મેસેજ આવે તો કોઈએ નાણા આપવા જોઈએ નહીં.

ભગવતીપરામાં યુવાને ગળેફાંસો ખાઇ જિંદગીથી છેડો ફાડયો

આપઘાતનું કારણ અકબંધ; યુવકના મોતથી પરિવાર શોકમગ્ન

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના ભગવતીપરા વિસ્તારમાં રહેતા અને વાહનના શો-રૂમમા કામ કરતા યુવાને અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે મફલર બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાન પુત્રના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનુ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરા શેરી નં.૧૦માં રહેતો હિરેન જગદીશભાઈ ગોહેલ (ઉ.વ.૨૫)નામના યુવાને ગઇકાલે રાત્રે પોતાના ઘરે રૂમમાં પંખા સાથે મફલર બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનુ જાહેર કર્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. મૃતક હિરેન બે ભાઈ એક બહેનમાં નાનો અને અપરિણીત હતો. તે વાહનના શો-રૂમમાં કામ કરતો હતો. તેણે આ પગલું શા માટે ભરી લીધુ તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્દિરાનગરમાં બે મહિલાએ પાડોશી મહિલાના ત્રાસથી કર્યો આપઘાતનો પ્રયાસ

એક મહિલાએ ફિનાઈલ તો બીજીએ પાઉડર પી લેતા સારવારમાં ખસેડાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં રૈયાધાર વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગરમાં પાડોશી મહિલાના ત્રાસથી કંટાળી બે મહિલાએ ફિનાઈલ પી લીધું હોવાના આક્ષેપ સાથે બંને મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રૈયાધાર વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગરમાં રહેતા હીનાબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૪૮) અને રસીલાબેન રમેશભાઈ વઘેરા (ઉ.વ.૪૦) પોત પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં હીનાબેન સોલંકીએ ફીનાઇલ અને રસીલાબેન વઘેરાએ પાવડર પી લીધો હતો. બંને મહિલાની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં હીનાબેન અને રસીલાબેનની પાડોશમાં રહેતા મંજુબેન ચૌહાણ ઘર પાસે સામાન રાખવા બાબતે અવારનવાર ઝઘડો કરી ત્રાસ આપતા હતા. મંજુબેન ચૌહાણના ત્રાસથી કંટાળી હીનાબેન અને રસીલાબેને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી- વધુ તપાસ હાથ ધરી છે.

સ્કૂટરમાં સ્ટિકર લગાડવા મુદ્દે ફલેટ હોલ્ડર મહિલાએ ચોકીદારને ફડાકા ઝીંકયા

શહરેના દોઢસો ફુટ રીંગરોડ પર આવેલા શિતલ પાર્ક નજીક બિલ્ડીંગના ગેઈટ પાસે એક મહિલાની દાદાગીરીનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાઈરલ થઇ રહયો છે. આ વિડીયોમાં મહીલાએ સિકયુરીટીનો મોબાઇલ ફોન ઘા કરી અને તેમને ફડાકો ઝીંકયો હોવાની ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. તેમજ તપાસમાં જાણવા મળ્યું હતું કે વાહનમાં સ્ટીકર લગાડવા મામલે મહિલાને સિકયુરીટી સાથે માથાકુટ થઇ હતી. હાલ વિડીયો વાયરલ થતા યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે વધુ તપાસ શરૂ કરી છે.